
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

APRIL '06

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



ચરાડવા મંદિરમાં નૂતન સુવર્ણ સિંહાસનનું ઉદ્‌ઘાટન કરી
આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી



ચરાડવા મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી



ખાણ (રાજસ્થાન) મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ
મહારાજનો પાટોત્સવ - અભિષેક પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે



રાણીપ મંદિર(બહેનોનું)માં પાટોત્સવની આરતી ઉતારતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ખાણ મંદિરમાં પાટોત્સવપ્રસંગે આશીર્વાદ આપતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી




ખાણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે કથાના વક્તા શાસ્ત્રી જ્ઞાનવલ્લભદાસ
(મૂળી મહંતશ્રી)ને આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | એપ્રિલ - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. અદ્‌ભુત આશીર્વચનો ૪

૪. હનુમાન જયંતી ૮

૫. શ્રી અવિનાશાનંદ સ્વામી ૧૦

૬. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી (પર્વ-૩) ૧૩

૭. મહાનિષ્કામી મુકુંદાનંદ બ્રહ્મચારી ૧૬

૮. સત્સંગ બાલવાટિકા ૧૭
(૧) આખી જીંદગી લાલી લેખે ?
(૨) શિખામણ નાની, ફાયદો મોટો

૯. પ્રશ્નપેટી ૧૯

૧૦. ભક્તિસુધા ૨૦
(૧) મૂર્તિ
(૨) ચિન્હ તિલ ધ્યાન
(૩) સહજાનંદી મીરા
(૪) ભગવાનનું મંગલકારી ચરિત્ર
(૫) દૂધ કરતાંય મીઠી છાશ !

૧૧. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૫

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

પુષ્પદોલોત્સવ રંગબેરંગી સુગંધીમાન પુષ્પોના રંગોથી ભગવાન શ્રીનરનારાયણદેવનો પ્રાકટ્ય ઉત્સવ જેવો સાત્વિક ઉજવાય છે તેવા જ વસંતોત્સવના વધામણા પણ સાત્વિકતાથી ભરપુર વાતાવરણમાં થાય છે. તેની સાથે સાથે જ્ઞાન અને ભક્તિની પ્રાપ્તિ કરીને જીવને આત્યંતિક મોક્ષ સુધી પહોંચવાનો સરળ માર્ગ મળી જાય છે. તેથી જ તો સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વસંતના પ્રથમ દિવસે જ પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન કરાવનાર શિક્ષાપત્રીનું આલેખન કર્યું છે. જે શ્રીજી મહારાજનું સાક્ષાત્ પ્રગટ વાંગમય સ્વરૂપે સત્સંગમાં બિરાજમાન છે. જીવ માત્રને પરમેશ્વરના દિવ્ય અક્ષરધામની કામના હોય તો શિક્ષાપત્રીમાં પ્રબોધેલ માર્ગે જ તેમના ધામની પ્રાપ્તિ થાય છે. પોતાના મન કલ્પીત શાસ્ત્રોના અર્થને તાણી ખેંચીને બતાવેલા માર્ગે ભગવાનના ધામની પ્રાપ્તિ કરવાની કોઈ ઈચ્છા રાખે તેને તો વિદ્વાનો આકાશના પુષ્પની જેમ મિથ્યા જ કહે છે. જેમ આકાશને પુષ્પ આવતું નથી તેમ શ્રીહરિએ બાંધેલી શિક્ષાપત્રીની મર્યાદાનું ઉલ્લંધન કરીને વર્તવું તે આકાશને પુષ્પ આવવાની પ્રતિક્ષા કર્યા જેવું જ છે. માટે પોતાનો મનુષ્ય જન્મ સાર્થક કરીને છેલ્લો જન્મ કરવો હોય તેણે તો શ્રીજી મહારાજની સ્પષ્ટ આજ્ઞા પ્રમાણે ભૌતિક સંપત્તિનો સંબંધ બે ગાદી સ્થાન શ્રી નરનારાયણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણદેવ સંસ્થાન સાથે જ જોડાયેલ હોવું જોઈએ. અર્થાત પોતાનો ભૌતિક સંપત્તિ સંબંધી વ્યવહાર દશમો વીસમો ભાગ અને દાન લેવાનો કે દેવાનો વ્યવહાર તે ભૌતિક વ્યવહાર કહેવાય, તેમજ આધ્યાત્મિક સંબંધ એટલે મંત્ર, દિક્ષા, ઉપાસના અને જ્ઞાનનો સંબંધ શ્રીહરિ સ્થાપિત ધર્મવંશી આચાર્ય સાથે જ જોડાયેલ હોવો જોઈએ. તેમની પાસેથી જ્ઞાન મેળવવું અને ગુરુમંત્ર લેવો, તથા ભાગવતી દિક્ષા ગ્રહણ કરવી તે આધ્યાત્મિક સંબંધ થયો કહેવાય, તે શિક્ષાપત્રી પ્રમાણે જ હોવા જોઈએ. તોજ સ્વામિનારાયણ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય અન્યત્ર જવું હોય તેની વાત જુદી જ છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના

જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ - ૨૦૦૬)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ડી.ડી. પટેલને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

૨. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૪મો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.
પ.ભ. અશ્વિનભાઈ બળદેવદાસ ભાવસારને ત્યાં પધરામણી, નવોવાસ.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.
પ.ભ. વિનોદભાઈ ભીખાભાઈ પટેલને ત્યાં પધરામણી, માણેકચોક.
પ.ભ. જયેન્દ્રભાઈ કરશનભાઈ સુહાગીયાને ત્યાં પધરામણી, નિકોલ ગામ.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ષોડશોપચાર અભિષેક અને ચોર્યાસી ઉત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયા.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કુકરવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. સાંજે ખાણ ગામ પધાર્યા

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજ.) પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૯. રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. કાંતિભાઈ ભગવાનદાસ પટેલને ત્યાં પધરામણી (મહાપૂજા પ્રસંગે) રાણીપ.

૧૨. અખિલ હિન્દ શ્રીમાળી સોની મહા મંડળ સંચાલિત સાર્વજનિક દવાખાના અને છાત્રાલયમાં પધરામણી, નવા વાડજ.
પ.ભ. કનુભાઈ છબાભાઈ પટેલને ત્યાં છત્રીના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, ઉવારસદ.

૧૪-૧૫. માંડવી (કચ્છ) ફુલદોલોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. કોલાદ (કડી) શ્રી સ્વામિનારાયણ મંદિરના દશમા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. પ.ભ. પુષ્પાબેન ગીરીશભાઈ ભગતને ત્યાં પધરામણી, એલીસબ્રીજ.
બાલવા ગામે વિજય સ્તંભના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. પ્રવિણભાઈ નરસિંહભાઈ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર સલકી (તા. દહેગામ) પારાયણ પ્રસંગે પધરામણી.

૨૧-૨૨. જીરાગઢ (હાલાર - મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪-૨૫. માધાપર (કચ્છ) પધરામણી.

૨૬. બાલાસિનોર ગામે પ.ભ. અજયકુમાર નટવરલાલ કાછીયા તરફથી આયોજીત શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા પધરામણી.

૨૮. ડૉ. જયકૃષ્ણ બિપીનભાઈ જાનીના ક્લિનિકના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, સાબરમતી.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

અદ્‌ભુત આશીર્વચનો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને જે સાચા અર્થમાં ઓળખી શકે, તે જ વ્યક્તિ શ્રીહરિએ સ્થાપેલા દેવ અને આચાર્યનો યથાર્થ મહિમા સમજી શકે, તે જ વ્યક્તિ બંધારણને સમજી શકે, તે વ્યક્તિમાં જ નિષ્ઠા રૂપી પાવર આવે, આવી વ્યક્તિ જ પ.પૂ. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના મુખેથી નીકળેલા શબ્દોની કિંમત જાણી શકે, બાકી તો ખીસકોલી જેમ બોલે ને પૂંછડી ઉંચી કરે તેમ, નિષ્ઠા વિનાના ભક્તો તો જ્યાં ત્યાં વાત સાંભળીને માથું હલાવવા માંડે, દરેક જગ્યાએ પ્રસાદી ખાવા પણ દોડી જાય, આવું જોઈએ ત્યારે એ બહું વરવું દ્રશ્ય લાગે છે. આવા ભક્તોને ત્યાં આપણું 'સ્વામિનારાયણ' માસિક પણ જાય છે. ખબર નહિં વાંચે છે કે નથી વાંચતા ! કદાચ વાંચતા હશે તો શબ્દો ઊંડા ઉતારતા બીક લાગતી હશે ! વ્યક્તિનો કોઈ દોષ નથી, બેલેન્સ પ્રમાણે ભાગ્ય નિર્માણ થાય છે.

તા. ૨-૩-૦૬ના રોજ શ્રી નરનારાયણદેવના ૧૮૪માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ધર્મકુળના મુખેથી ઉચ્ચારાયેલા અમૃત વાક્યો દરેકે ખૂબ મનન કરવા યોગ્ય છે. આ વાક્યો જેના જીવનમાં ઉતરશે એ જીવ સત્સંગમાં નિશ્ચે ખૂબ બળીયો થશે એ હેતુથી ટૂંકમાં પ્રયાસ કરું છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : સુંદર દ્રષ્ટાંત વાર્તા કરી, જે વાર્તાનો સાર એ નીકળ્યો કે પરમાત્મા પોતાનો ભક્ત સુખી હોય ત્યારે તેની સાથે ચાલે છે. પરંતુ જ્યારે એ ભક્ત દુઃખી હોય ત્યારે તો ભગવાન પોતાના એ ભક્તને તેડીને ચાલતા હોય છે. માટે દુઃખ આવે ત્યારે ભક્તે એવું ન વિચારવું કે ભગવાન મારી સાથે નથી.

પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી : ૨૮ વર્ષ પહેલાં અમે અમદાવાદથી જેતલપુરની પહેલી પદયાત્રા કરી. ત્યાર પછી દરેક પૂનમની આગલી રાત્રે આપણે જોઈએ છીએ કે અસંખ્ય ભક્તજનો ચાલીને રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના જેતલપુર દર્શન કરવા જાય છે. એક હરિભક્તે અમને વાત કરેલી કે, તમે જેતલપુરની પદયાત્રા કરી તેનાથી તે ધામનો મહિમા ખૂબ વધી ગયો છે. અમને આ વાત સાંભળીને હસવું આવેલું, રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહિમા તો જે છે તે જ છે. પરંતુ પદયાત્રાથી અમારો મહિમા વધી ગયો. નરનારાયણદેવનો મહિમા સાંભળતા આવ્યા છીએ, વાંચતા આવ્યા છીએ, ચિંતવન કરતા આવ્યા છીએ - પરંતુ પાટોત્સવના દિવસે વિચારવાનું એ છે કે નરનારાયણદેવ આપણા અંતરમાં કેટલા ઉતર્યા ? નિષ્ઠામાં કેટલી કચાશ છે ? રાજા કેદીઓને છોડી મૂકે. પરંતુ દર વર્ષે ના છોડી મુકે !

આપણા વડાપ્રધાન લાહોર ગયેલા.

સામાન્ય નિયમ એવો હોય છે કે દેશના સર્વોચ્ચ વડાને સલામી આપવા માટે લશ્કરની ત્રણે પાંખના વડાને હાજર રહેવું પડે. પરંતુ પાકિસ્તાનના પ્રમુખ જેઓ લશ્કરના વડા પણ હતા. તેઓ આપણા વડાપ્રધાનને સલામી આપવા માટે આવ્યા નહિ. તેઓએ દુશ્મન દેશના વડાને સલામી ન આપી. આપણા માટે આ બીના અપમાનજનક ગણાય, પરંતુ તેના માટે તે માનજનક હતું. આપણે કેટલી જગ્યાએ ચોખા મૂકીએ છીએ, માથા મુકીએ છીએ, બીજે એક દંડવત કરીએ એટલે નરનારાયણદેવ આગળ કરેલ ૧૦૦૦ દંડવત શૂન્ય થઈ જાય ! નિશ્ચયની પરિપકવતાની ગાંઠ વાળીને નરનારાયણદેવની નિષ્ઠા, આત્મ સમર્પણની ભાવનાનો દ્રઢ સંકલ્પ કરવો અતિ જરૂરી છે. શ્રીજી મહારાજે કેટલા પ્રેમથી બધાને સાંભળ્યા છે ! મહારાજે બે વસ્તુ સાથે રાખી છે. એક ઉદારતા અને બીજું હિસાબીપણું.

ઉદારતાની વાત કરીએ તો મહારાજે નરનારાયણદેવની પ્રતિષ્ઠા કર્યા બાદ ભૂદેવોને કાંકરીયાની પાળે જમાડ્યા. ભૂદેવો જમવા લાગ્યા. ત્યારે સબડકાનો અવાજ આવવા લાગ્યો. દૂધપાક કે દાળ જેવું પ્રવાહી તો હજું પીરસાયું ન હોતું. તો પછી સબડકા ક્યાંથી ? લાડુમાં મહારાજે એટલું ઘી નંખાવ્યું હતું કે એ ઘીના સબડકાનો અવાજ આવતો હતો. હિસાબીપણું કેવું ? પ્રતિષ્ઠા મહોત્સવમાં મહારાજે હરિભક્તોને વેપારીઓને ત્યાં સીધું સામગ્રી લેવા મોકલ્યા. ત્યારે હરિભક્તોને શીખવાડીને મોકલ્યા કે વેપારીઓ સાથે શરત કરજો કે સીધુ સામગ્રી જે વધે તે ઉત્સવના અંતે પાછું લઈ લેવાનું !

આપણા અંતરમાં જેટલા નરનારાયણદેવ ઉતરશે તેટલી આપણી ઉર્ધ્વગતિ થશે. નરનારાયણદેવનો યથાર્થ મહિમા સમજાવવા માટે તો અમારે 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' નામની એક અલગ પુસ્તિકા લખવી પડી. નરનારાયણદેવની નિષ્ઠા વધશે, તેટલો સત્સંગમાં આપણો મહિમા વધી જશે.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી :- શ્રીજી મહારાજે ૫૦૦ પરમહંસોની ફોજ લઈને આ સત્સંગ માટે બહુ મોટો દાખડો કર્યો છે. આપણને દિશા સૂચન કરી આપ્યું છે. તે રાહ પર ચાલવાનું આપણા સૌનું કર્તવ્ય છે. અંગ્રેજોએ બીજા કોઈને નથી આપ્યું, તે અંગ્રેજોએ મહારાજથી પ્રભાવિત થઈને અમદાવાદમાં મંદિર કરવા માટે જ્યાં જોઈએ ત્યાં જમીન માપી લેવા વિનંતી કરી. કાયમ માટે લેખ કરી આપવા મહારાજે જ્યારે અહીંના અંગ્રેજોને કહ્યું, ત્યારે તેઓએ પ્રથમ તો સહજ ભાવે પોતાનું અસમર્થપણું દર્શાવ્યું. પછીથી કાયમનો લેખ કર્યો. મહારાજ માટે તો આ એક માનુષી લીલા જ હતી. શ્રીજી મહારાજનું કેવું ઐશ્વર્ય હતું કે અંગ્રેજો પણ મહારાજના આશ્રિત થયા હતા. નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે મહારાજે શિક્ષાપત્રી ગ્રંથમાં જે વાત કરી તે મુજબ નિતિમત્તા, પ્રમાણિકતા અને સદાચારમય જીવન જીવીએ તેવો સંકલ્પ કરીએ. નિષ્ઠા, નિયમ અને નિશ્ચય રાખીએ તો મહારાજ ખૂબ રાજી થશે. ભક્તો અહીં સહેજે સહેજે આવે છે. યજમાન બનવાનો લાભ પ્રાપ્ત કરે છે. આપણે તેઓને વિશેષ સુવિધા આપતા નથી. તો પણ એક માત્ર કલ્યાણના ખપથી તેઓ આવે છે. જ્યારે અન્યત્ર કોઈ યજમાન થાય તો ચોક્કસ તેનું હાર તોરા વગેરેથી વિશેષ સન્માન થાય. પરંતુ કલ્યાણ ન થાય. હા, કલ્યાણ તો ત્યાં પણ થાય છે. પરંતુ ત્યાં કોનું કલ્યાણ થાય છે તે સૌએ વિચારી રાખવું.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી : મહારાજે કલ્યાણની વાટ વહેતી કરી, "વહેતી કીધી અક્ષરવાટ, પુરુષોત્તમ પ્રગટી રે ...." આ રસ્તે ઉભી રહીએ એટલીવાર. મહારાજે બહુ સુવિધા કરી આપી. **મહારાજે કરેલા બંધારણની અંદર જીવ રહેતો કંઈ કરવું પડે તેમ નથી. ગાંડા માણસ હોય, જગત જેને ગાંડા કહે, તેનું પણ અહીં કલ્યાણ થાય છે. સંસ્કૃત ભણ્યા ન હોય, શાસ્ત્રની વાત સાંભળી ન હોય તે પણ ભગવાનને ભગવાન જાણીને રહે તો તેને ભગવાન મળે** છે. આપણે બહુ મોટા ભાગ્યશાળી છીએ. ભગવાને ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા. તેમા મંદિર કરી દેવ પધરાવવાની શરૂઆત મહારાજ અહીંથી કરી છે. સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. એ આપણા ભાગે આવ્યું છે. **એ નરનારાયણદેવની સાનિધ્યમાં ત્યાર પછી હજારો, લાખો, અનંત મંદિરો થયા. તે મહારાજે આ મૂર્તિમાં રહીને કર્યા.** (અત્રે અનંત નો અર્થ હરિભક્તોના ઘરના મંદિરો, પૂજાની પેટી, હૃદય મંદિર લઈ શકાય). આપણે કેવા ભાગ્યશાળી છીએ, આપણને જે

મળ્યું છે તે જગતમાં કોઈને નથી મળ્યું. **ચર્મચક્ષુની ઉપર જો દિવ્ય ચક્ષુ હોય તો જોઈ શકાય કે આપણને જે પ્રાપ્તિ થઈ છે તે ભવબ્રહ્માદિક દેવોને પણ થઈ નથી. વ્રત, જપ, તપ, હોમ-હવન કરીને રાફડા થઈ જાય તો પણ ભગવાન મળે કે ન મળે ! આપણને તેનું અભિમાન-ગર્વ હોવો જોઈએ. કોઈ વ્યક્તિને કોઈ મોટા રાજકીય અધિકારી સાથે ઓળખાણ હોય તો તે પણ કોલર ઉંચો રાખીને ચાલતો હોય છે. તો આપણને તો અનંકોટી બ્રહ્માંડના અધિપતિ મળ્યા છે. જેના રોમ સુછિદ્રમાં અણુંસમા બ્રહ્માંડ કોટી ફરે.....** આ બધી વાતો માત્ર નથી. લખાઈ ગયું છે. પૈસા આપવાથી પણ કોઈ ન લખે. નંદસંતોએ અનુભવીને લખ્યું છે.

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ ..... કેટલા વિશેષણો ! નિર્વિકલ્પ, ઉત્તમ અને વળી અતિ. આ તો નિત્ય નિયમ બોલવામાં હરિભક્તો Speed બહુ મારે એટલે બધુ ભૂલી જવાય છે. કેવો નિશ્ચય તો જેનો કોઈ વિકલ્પ નથી. ઉત્તમ અતિ જેના પછી આગળ કંઈ નથી. આ નિશ્ચય ફક્ત શ્રવણ કરવા કે બોલવા માટે નથી. પરંતુ એ નિશ્ચય અંતરમાં દ્રઢ પણે ઉતાર્યેજ છૂટકો થવાનો છે. નિશ્ચય પરિવક્વ કરીને જ દેહ મૂકવો છે. જો કાચો હોય તો એટલી ખોડખાપણ કહેવાય, એટલી માંદગી ગણાય. પછી તેવી વ્યક્તિને ઈન્જેકશન આપવા પડે, બાટલા ચડાવવાની જરૂર પડે.

આવી દ્રઢતા હોય તો પણ આ બધુ કરતા જ રહેવાનું છે. નિત્ય નવી શ્રદ્ધા રાખવાની. વિશેષ દ્રઢતા થઈ કે નહિ તેનું પાટોત્સવના દિવસે સરવૈયું કાઢવાનું. હજારો મંદિરો છે. પાટોત્સવમાં ૩૬૫ દિવસ પૂરા થઈ જાય. પાટોત્સવમાં કોઈને જોયા વિના અંતર્દ્રષ્ટિ કરવાની કે ગઈકાલે સંતોમાં જે પ્રીતિ હતી, ભગવાન અને ભક્તોમાં જે પ્રેમ હતો તેમાં વધારો થયો છે કે નહિ ? આસ્થા, શ્રધ્ધા, પ્રીતિ પ્રથમ કરતા ઘટ્યું હોય તો પાના ફાડવા પડે, તેને હજુ ઈન્જેકશન ગોળીઓની જરૂર છે એમ સમજવું. નિષ્ઠાની જરૂર છે. દેવ અને આચાર્યના થઈને રહેવું એ પ્રણાલિકા છે. નોખા કોણ પાડે છે ? તમો **જો દેવના થઈને રહેશો તો આચાર્ય તમારા થઈને રહેશે. તમો જો દેવના થઈને રહેશો તો અમે તમારા છીએ, ગરીબમાં ગરીબ હરિભક્ત હોય, ઝૂંપડી હોય તો પણ અમે હા પાડીશું. દેવનો ન હોય તો અમારી જવાબદારી નહિ.** (આને કહેવાય અદ્‌ભૂત આશીર્વચનો. બાપજી ! આપ તો ન બોલો, પરંતુ મને એવું લાગે છે કે સામે દેવ પણ આજે અમોને એવું કહેતા હશે કે, **તમો જો આચાર્યશ્રીના થઈને રહેશો તો દેવ તમારા થઈને રહેશે. તમો જો આચાર્યશ્રીના થઈને રહેશો તો અમે તમારું નિશ્ચે કલ્યાણ કરીશું. નાનામાં નાના હરિભક્તને અમે અંતકાળે તેડવા આવીશું. આચાર્યશ્રીનો ન હોય તો અમારી જવાબદારી નહિ. દેવ અને આચાર્યશ્રીમાં જુદાપણું છે જ નહિ, બન્નેમાં શ્રીજી મહારાજ વચનથી અખંડ રહ્યા છે.**)

અત્રે બીજી બે બાબત અગત્યની કહેવાની છે. એક ધર્માદા બાબત. 'સ્વામિનારાયણ' અંકમાં આપણે દર મહિને ધર્માદા બાબતનું ખાસ કોલમ આપીએ છીએ. જીવન પર્યંત ધર્માદો દસમો વીસમો ભાગ ક્ષમતા પ્રમાણે દેવના કોઠારમાં જમા કરાવવો. આવક પડોશી પાસે છૂપાવી શકાય છે. મહારાજ પાસે છૂપાવી શકાતી નથી. ધર્માદો દેવને જ આપવો. તે અધિકાર માત્ર દેવનો જ છે. મોટી કંપનીના શેરમાં પૈસાની ફાળવણી કરી હોય તો વિશેષ લાભ થાય. તો ભગવાન માટે ધર્માદો કાઢીએ તો પછી તેની પ્રાપ્તિ માટે શું કહેવાનું હોય ? **દેવની સાક્ષીએ કહું છું કે સુખી થવું હોય તો દેશ વિભાગ પ્રમાણે ધર્માદો માત્ર નરનારાયણદેવના કોઠારમાં તથા લક્ષ્મીનારાયણદેવના કોઠારમાં જ જમા કરાવવો, ત્રીજી જગ્યાએ નહિ.**

બીજી બાબત પૂ. બાપુજીનો જે મ્યુઝિયમનો સંકલ્પ છે તે સાકાર કરવા કેડ કસીને રહેશો. એક પછી એક ગામડામાં મારે આ માટે આવવું છે. પૂ.બાપુજી ને હેરાન નથી કરવા. ખૂબ હેરાન કર્યા છે. જો કે હેરાન કર્યા ન કહેવાય. તેઓ અને હરિભક્તો વચ્ચે અન્યોન્ય એવો પ્રેમ છે. શહેરવાસીઓ પણ આ કામ માટે કમર બાંધે જેથી દિવા નીચે અંધારુ ન રહી જાય. પૂ. બાપુજી મ્યુઝિયમ પુરું થવાને ૨-૪ વર્ષની ગણતરી કરે છે. પરંતુ અમારે વહેલું પુરું કરવું છે. પ્રસાદીની વસ્તુઓના દર્શન કરવાની તાલાવેલી છે.

એપ્રોચ (બાપુનગર) મંદિર પ્રથમ પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી : નટ દોરડા ઉપર ચાલે છે. જગતની દ્રષ્ટિ નટ ઉપર હોય છે. પરંતુ નટની દ્રષ્ટિ જગત ઉપર નથી હોતી. લોકો નટને જુએ છે. તાળીઓ પાડે છે. પરંતુ નટ શેને જુએ છે ? નટ તો માત્ર રાંઢવું જુએ છે. રાંઢવા ઉપરથી તેની દ્રષ્ટિ ખસે તો પડે. જગતની અંદર જેને ભગવાન મળ્યા છે તેની દ્રષ્ટિ ભગવાન સિવાય ક્યાંય જતી નથી. ભગવાનનો ભક્ત દુનિયામાં રહે છે. પણ ભગવાનનું સુખ સતત લેતો રહે છે. ભગવાન મળ્યા છે તેનું સતત ધ્યાનપણું રાખવું. જગતના વાયરામાં ભગવાનને ભૂલી ન જઈએ. ભગવાન ન મળ્યા હોત તો જીવની શી

પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો (શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થે) વિદેશ ધર્મપ્રવાસ

		સંપર્ક
તા. 21-4-2006	ન્યુજર્સી વિહોકન	ન્યુજર્સી મંદિર 201-865-3987
તા. 22-4-2006	ન્યુજર્સી વિહોકન	
	શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા	
તા. 23-4-2006	ફ્લોરિડા	ફ્લોરિડા મંદિર 863-687-4776
તા. 24-4-2006	ફ્લોરિડા	
તા. 25-4-2006	ફ્લોરિડા	
તા. 26-4-2006	બાયરન	પ.ભ. દશરથભાઇ 478-714-9444
તા. 27-4-2006	મેકન	પ.ભ. જયેન્દ્રભાઇ 478-956-2800
તા. 28-4-2006	મેકન	
તા. 29-4-2006	એટલાન્ટા	પ.ભ. પ્રવિણભાઇ 404-808-1079
તા. 30-4-2006	એટલાન્ટા	પ.ભ. રાજેશભાઇ 404-808-1079
તા. 1-5-2006	એટલાન્ટા	પ.ભ. પ્રવિણભાઇ 770-978-1915
તા. 2-5-2006	એટલાન્ટા	
તા. 3-5-2006	બર્મિન્ગહામ	પ.ભ. કલ્પેશભાઇ 256-461-9514
તા. 4-5-2006	બર્મિન્ગહામ	
તા. 5-5-2006	નેશવીલ	પ.ભ. જયંતિભાઇ 615-491-3966
તા. 6-5-2006	નેશવીલ	
તા. 7-5-2006	ન્યુજર્સી	
તા. 8-5-2006	ન્યુજર્સી	
તા. 9-5-2006	ભારત માટે પ્રયાણ	

સંપર્ક : પ.ભ. પ્રહલાદભાઇ પટેલ (Mo.) 201-306-7890 (R) 201-766-3814

દશા હોત ? **ભગવાન મળ્યા તો ચાલતા, બેસતા, ઉઠતા, બોલતા, સાંભળતા, દેખતા, જમતા વગેરે શીખવાડ્યું. આ વાત બહુ સામાન્ય લાગે પરંતુ સાચા અર્થમાં ક્યાં બેસવું ? શું જોવું ? શું બોલવું ? શું સાંભળવું ? કેવી રીતે જમવું ? તેની દ્રષ્ટિ, તેની શિસ્ત, તેની સમજણ સ્વામિનારાયણ ભગવાને આપી છે, એ અગત્યનું છે.**

મહંત સ્વામી પારાયણ વાંચે છે. હકીકતમાં જીવ ભગવાન સાથે જોડાય તેની આ એક પ્રેકટીસ છે. કારણ કે જગતના વાયરામાં મન સતત વિક્ષેપ અનુભવે છે. મનની આ સામાન્ય સહજ સ્થિતિ છે. એટલે મહારાજે કહ્યું, સતત જાગ્રત અવસ્થા, જાણપણું લાવવું. ભગવાનનો મહિમા, ભગવાનની મોટપ સતત આપતા રહેવું પડે છે તો જ ભગવાનનો મહિમા યથાર્થ સમજાય .

પરપ્રાંતમાંથી આવીને અહીં વસ્યા. સુખી થયા. પણ સુખ શેમાં છે ? બધુ મળ્યું, પણ ભગવાન ભૂલાય તો ? સંસ્કાર ચાલ્યા જાય. નદીની પેલ પાર બહુ મોટા બંગલા છે. બંગલા એના એ જ રહે છે. પરંતુ તેમાં રહેનાર ફરતા રહે છે. એકાદ બે પેઢી ચાલે, પછી માલિક બદલી જાય છે. કારણ કે તેઓએ ભગવાન રાખ્યા નથી. જો ભગવાન રાખ્યા હોત તો બધું સુરક્ષિત રહેત. આડુ-અવળુ કરીને અનીતિથી પૈસા ભેગા કર્યા હોય તો એ પૈસા સુખ આપતા નથી. મહારાજની આજ્ઞામાં રહીએ, આશરો રાખીએ, પ્રયત્ન કરીને ટાઈમ કાઢીને દિવસે ગમે ત્યારે દર્શન કરીએ.

દીકરા-દીકરીમાં પણ દર્શન કરવાના સંસ્કાર પડશે તો કુટુંબ સુખી રહેશે. દેવદર્શન માટે થોડો થોડો સમય ફાળવીને બીજાને પણ મંદિર લાવીએ. તેનાથી તે જીવનું પણ કલ્યાણ થશે. અને મહારાજ તમારા ઉપર રાજી થશે.

હનુમાન જયંતી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંતશ્રી, નારાયણઘાટ)



સમાજના દરેક ક્ષેત્રે શુભ યોગદાન આપનાર હરકોઈને એક યા બીજા સ્વરૂપે નવાજવામાં આવે છે. કાળના બંધનોથી પર રહી યુગયુગાંતરો સુધી લોકો ભાવાજંલીઓ વડે નવાજતા રહે છે. એવા જ એક પોતાના વિરાટ કાર્યો દ્વારા ચિરંજીવી બની ચુકેલા આદર્શ ભક્તરાજ કપિવર હનુમાનજીને આજે આપણે તેઓશ્રીના આગામી જન્મદિન નિમિત્તે આપણી ભાવાંજલી અર્પી કૃતાર્થ થઈશું.

બાલ્યાવસ્થામાં એક સુંદર મજાના ફળની કલ્પનાથી ઉગતા સૂર્યને ગ્રહી જવા કુદેલા કેસરી પુત્ર વાનરને ઈન્દ્રના વજ્રનો પ્રહાર થતા મૂર્છિત અવસ્થામાં પવનદેવના પક્ષથી બ્રહ્માજીના વરદાન વડે હનુમંત નામાભિધાન થયું. પંચદેવોની પરિપૂર્ણ કૃપા પામેલા હનુમંત પરાક્રમોની પરંપરા સર્જવા લાગ્યા. બળ સાથે બુધ્ધિનો સમન્વય થતા સાહિત્ય તત્વજ્ઞાન, રાજનીતિ, વ્યાકરણ, માનસશાસ્ત્ર અને વક્તૃત્વ વિદ્વતામાં અજોડતા પારંગત કરી સમગ્ર વિદ્યાઓમાં વિનય અને નમ્રતા ભળતા સદ્‌ગુણોનો ભંડાર બની ગયા. અને ભગવાનશ્રી રામચંદ્રજી નો ભેટો થતા જ તમામ સદ્‌ગુણો ભગવત પરાયણ બની ગયા. ભગવાન મેળવવા માટેની મુમુક્ષતા પાર કરી પ્રભુ મળ્યા પછીની ભક્તિનો સેવા રૂપે સંચાર શરૂ થયો. સુજ, સમજણ અને બુદ્ધિ પ્રતિભાવપૂર્વકની સેવાઓથી સેવક વર્ગમાં મોખરે મનાવવા લાગ્યા. જયાં સૌ અટકે ત્યાં હનુમાન કૂદી પડે, જયાં બીજા બધા મુંઝાય ત્યાં આ કપિવર ઝળકી ઉઠે, સીતામાતાની શોધ જેવું વિકટ કાર્ય સંપન્ન કરી લંકા પહોંચવા મહાપ્રભુજીને સમુદ્ર વચ્ચે પાળ બાંધવા રામનામનો પથ્થર તરતો મુકાવી પોતેતો એક છલાંગે અંતર ભેદી નાંખ્યું.

અશોક વાટિકાનો ધ્વંસ કરી રાવણને પોતાની પહોંચના પરવાના પરખાવી દીધા. વિશલ્યકરણી ઔષધી કાજે વિંધ્યાચલ પર્વત ઉપાડી લાવી શ્રીરામજીના આંસુ લુછ્યા તો લંકાનું દહન કરી એક આદર્શ રાજનીતિજ્ઞની અદાથી અસુરોનું નિકંદન કાઢયું. સીતાજીના પારખા કરી પુત્રભાવે સાંત્વના આપ્યા તો ભાતૃભાવે ભરતજીના ભાવ પારખી હૈયે ચાંપ્યા. યુધ્ધમાં રાવણને જીત્યા તે વીર અને સેવાભીની ભક્તિથી રામને જીત્યા તે આ મહાવીરે પોતાની છાતી ચીરી હૃદયાકાશમાં કેવળ રામનું આધિપત્ય બતાવી દીધું ત્યારે અતિ પ્રસન્નતા વશ સીતાજીએ બક્ષિસમાં આપેલા નવલખા હારના મણકે મણકા નજર પરોવી રામ વિહોણા નવલખાના પારેપારાને વેરવિખેર કરી ધૂળમાં રગદોળી નાખ્યા. પ્રભુ પ્રીતિ વિના અન્ય સઘળું નિર્માલ્ય માનતા આ વૈરાગી શ્રી રામજીને પોતાના પંચ પ્રાણ કરતા પણ અધિક પ્યારા થઈ ગયા હતા. તથાપિ ચરણ સેવામાં જ સ્થિર રહી સદા સર્વદા સેવક ધર્મનો આદર્શ સ્થાપી આ સેવક અમર બની ગયા.

કૃષ્ણવતારમાં અર્જુનજીના રથની ધજામાં બિરાજી સમગ્ર મહાભારતના યુધ્ધમાં વિજયપતાકા લહેરાવવાનાં યશભાગી થયા તો ભગવાન સ્વામિનારાયણના જીવન કાર્યની પ્રારંભિક ભૂમિકામાં કુળદેવતા રૂપે કૃત્યાઓથી રક્ષા કરી, કાલિયા, કૌશિક, કાલિદત્ત જેવા રાક્ષસોના કોપ સમયે ભક્તિમાતા અને ધર્મપિતાને અવારનવાર હૈયાધારણા આપી બાળ ઘનશ્યામના પ્રભુપણાની યાદ તાજી કરાવતા રહ્યા. શ્રીહરિના ગૃહત્યાગ પછી રામપ્રતાપભાઈ અને સુવાસીની ભાભીને સાંત્વના આપી સમયે-સમયે વનવિચરણની માહિતી આપતા રહેતા. વળી વન વિચરણ દરમ્યાન વર્ણીરાજના હર સંકટમાં સાથી રહી સેવામાં તત્પર રહેતા. ક્યારેક તો નીલકંઠવર્ણીએ હનુમાનજીના લાવેલા જળ-ફળ અંગીકાર કર્યા તો ક્યારેક પિબક જેવા પાપીને પાઠ ભણાવવા સમશા કરી. ક્યારેક નિંદ્રાધીન નિઃસહાય હરિવરની

જંગલોમાં રાતભર નિશાચરોથી ચોકી કરી, તો ઘણીવાર ધ્યાનસ્થ વર્ણીવર અસુરોના પ્રહારોના આશયો સામે ગદાધરે ગદા ધરી દીધી ત્યારે સુશાંત વર્ણીરાજે સસ્મિત પ્રસન્નતાપૂર્વક હનુમાનજીને વારી લેતા કહ્યું, હે અંજનિપુત્ર આપ તો સેવક ધર્મમાં સદા પ્રશંસનીય છો. પરંતુ આ અમારી કઠોર તપશ્ચર્યાનો સમય છે. તેમાં આપની સેવા લઈ અમો તપશ્ચર્યા હળવી કરવા નથી ઈચ્છતા માટે ભવિષ્યમાં સત્સંગ વિકાશના કાર્યોમાં આવનાર આસુરી ઉપાધિઓ સમયે આપને સંભારીશું. હાલતો અમો પોતે જ તપસ્વી વેશે સેવકધર્મ બજાવી રહ્યા છીએ.....'' અને હનુમાનજીને વિદાય આપી.

આજે પ્રત્યેક રામજી મંદિરમાં હનુમાનજીની સ્થાપના થાય છે. સમગ્ર હિન્દુસ્તાનમાં ભાગ્યેજ એવું કોઈ ગામ કે શહેર હશે જ્યાં હનુમાનજીનું મંદિર ન હોય ! ભગવાન સ્વામિનારાયણે પણ પોતાના મંદિરોમાં ગણપતિજી સાથે હનુમાનજીની મૂર્તિઓ પધરાવી આપણા નાના મોટા દરેક મંદિરોમાં શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજી સૌ પ્રથમ પધરાવવામાં આવે છે. આ સેવકને સદૈવ અંજલિના સહભાગી કર્યા છે. શિક્ષાપત્રીમાં પણ સર્વજીવ હિતાવહ આદેશ આપ્યો છે કે 'આસો વદી ચતુદર્શીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.' આમ ભગવાને ભક્તનો મહિમા પ્રર્વતાવ્યો.

હનુમાનજી સદા સર્વદા પોતાને એક વફાદાર અને દૃઢ ભક્ત જ માને છે, પરંતુ ભગવાન ક્યારેય નહિ. અને ઉપાસના-આરાધના કેવળ ભગવાનની જ થાય. ભક્તની કદાપિ નહી. ભગવાન સાથે ભક્ત મનાય કે પૂજાય, તેના થાળ કે આરતી પણ શાસ્ત્રોક્ત રીતે સંભવે પરંતુ તે ભગવાનના સંબંધે, ભગવાનની પ્રસાદીરૂપે ! હનુમાનજીની પ્રસન્નતાથી રામભક્તિ પ્રબળ બને એ જ હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. એના ઉપર શ્રીરામ પ્રભુની અસીમ કૃપા હોય તેની જ હનુમાનજી રક્ષા કરે છે. પરંતુ રામને વિસારી માત્ર હનુમાનજીની ભક્તિ કરનારની ઉપાસના ખંડિત થાય છે અને તેના ઉપર પ્રભુ તો શું પરંતુ સ્વયં હનુમાનજી પણ કદાપિ પ્રસન્ન થતા નથી. તુલસી કો મિલા ભૂત, ઔર ભૂત સે હનુમાન, હનુમાન સે મિલા રામ... આમ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધીત ઉપાસના માર્ગમાં પણ ભક્ત દ્વારા ભગવાનની પ્રાપ્તિ પ્રબોધાયેલી છે. આ અનુસાર ચૈત્ર સુદ પૂનમ હનુમાન જયંતી નિમિત્તે મહાપ્રસાદીના જમીયતપુરા યાત્રા ધામે અને કાંકરિયા, અસારવા સ્વામિનારાયણ બાગ વગેરે સ્થાનમાં આદિ આચાર્ય ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત થયેલા હનુમાનજી મહારાજને હનુમાન જયંતી નિમિત્તે કોટી કોટી વંદન.....

આગામી ઉત્સવો

પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટયોત્સવ

સમસ્ત સત્સંગને સહર્ષ જાણ થાય જે આપણા સૌના પ્રાણ પ્યારા વિશ્વ વંદનીય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૨મો પ્રાકટયોત્સવ ચૈત્ર વદ-૩ તા. ૧૬-૪-૨૦૦૬ને રવિવારના રોજ શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં હજારો સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધુમથી ઉજવવામાં આવશે. સમસ્ત સત્સંગ સમાજને મહા લાભ લેવા રૂડું આમંત્રણ છે. (મહંત સ્વામી)

ઈડર દેશના લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ

ઈડર દેશના લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતા **તા. ૨૯-૪-૦૬ થી તા. ૫-૫-૦૬** પર્યન્ત કથા પારાયણ-યજ્ઞ-સાંસ્કૃતિક કાર્યક્રમો અને સુવર્ણ જયંતી પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને સમસ્ત ધર્મકુળ પરિવારની શુભ નિશ્રામાં ધામધુમથી સંપન્ન થશે. ઈડર દેશના હરિભક્તોને આવો દિવ્ય સુલભ લાભ પ્રાપ્ત થશે. *(શા.સ્વા. ઘનશ્યામજીવનદાસજી)*

શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા (જુના) ઈડર દેશ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈડર દેશના અરોડા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં આંગણે **તા. ૨૬-૪-૦૬ થી તા. ૨-૫-૦૬** પર્યન્ત કથા-પારાયણ, વિષ્ણુયાગ અને ઠાકોરજીનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થશે. ઈડર દેશના હરિભક્તોને વિશેષ લાભ પ્રાપ્ત થશે. *(મહંત સ્વામી - ઈડર)*

શ્રી અવિનાશાનંદ સ્વામી

શ્રી અવિનાશાનંદ સ્વામી

– ચંદ્રકાંત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

અરે, ભવાનિશંકર, તમે અહીં આવશો ? અમારા પગના તળિયાં જુઓને, શાસ્ત્રના જાણકાર જે જે મનુષ્યો અમારા પગ જુએ છે તે બધા અમને ભગવાન માને છે. એવું તે શું છે અમારા પગમાં ? જરા જોઈને કહેશો ?

ભગવાન શ્રીહરિ અમદાવાદમાં નવાવાસમાં વિરાજમાન હતા. ભવાનિશંકર પાસે આવ્યા. મહાપ્રભુએ ચરણો લાંબા કર્યા. ભવાનિશંકરે બંને ચરણો હાથમાં લીધા. ઉગતા અરુણ સરખા તેજસ્વી પગલાં તથા તેમાં રહેલા સામુદ્રિક શાસ્ત્રે વર્ણવેલા સોળ ચિહ્નોનું નિરીક્ષણ કર્યું. પોતાના આખા શરીરે રોમાંચ થયો. તેઓ એક દિવ્ય વિભૂતિનો સ્પર્શ કરી રહ્યા હતા. ચરણારવિંદ પોતાની આંખે તથા મસ્તકે અડાડ્યા પછી કહ્યું :

હે કૃપાનાથ ! નિઃશંક આપ ભગવાન જ છો ? આજથી આપના આશ્રિત જનોમાં મને પણ ગણજો પ્રભુ ! આપે મને શા માટે બોલાવ્યો તે હું જાણું છું અને સર્વ વિદ્ આપ જાણો છો. ભક્તોના કલ્પતરુ છો. કરૂણાના સાગરસમા છો મહારાજ !

ભવાનિશંકરના મનની ધારણાઓ સાકર કરી શ્રીહરિએ મધૂર સ્મિત કર્યું. એક બ્રહ્મદેવ ધર્મકુળના આશ્રિત થયા.

ભવાનિશંકર વિસનગરા નાગર જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેમના ધર્મ પત્ની યમુનાબાની કૂખે બાપાલાલ, મોતીલાલ અને કેશવલાલ એમ ત્રણ પુત્રો થયા. તથા પાર્વતી અને કાશી નામે બે પુત્રીઓ થઈ. સાધારણ સ્થિતિનું કુટુંબ સત્સંગની રીતે સદાચારી જીવન જીવતું હતું.

વચેટ દીકરા મોતીલાલનો સ્વભાવ થોડો વિલક્ષણ હતો. અમદાવાદમાં ઢીંકવા ચોકીવાળા રસ્તે આવેલી એક ગામઠી શાળામાં ભણતો. સારંગપુરમાં ફરતાં વિસામાં પાસે ખમારની ખડકીમાં કુટુંબ રહેતું હતું. એક દિવસ જ્ઞાતિનો જમણવાર હતો. ઘેર રસોઈ કરવાની હતી. મોતીલાલને બહાર જમવા જવાનું ગમે નહિ. તેથી ભાભી - મોટાભાઈ બાપાલાલની પત્ની ને કહ્યું, ભાભી ! મારે જમવા નથી આવવું. મને ખીચડી બનાવી દેજો. હું જમી લઈશ.

મોતીલાલ ભાભીએ બનાવેલ ખીચડી જમવા બેઠા. એવામાં પિતા ત્યાં આવી ચડ્યા. દીકરાને ખીચડી ખાતો જોઈને ગુસ્સે થયા. પુત્રવધુને પૂછયું, વહુએ પણ સસરાનો ગુસ્સો વધે એવો જ ફરિયાદના સ્વરૂપમાં જવાબ આપ્યો. ખીચડી જમતા દીકરા પાસેથી બાપે થાળી ખેંચી લઈ દૂર ફેંકી દીધી !

કોણ જાણે કઈ પ્રેરણાથી મા-બાપ પોતાના સંતાનો પ્રત્યે આવું ક્રૂર વલણ અપનાવતા હશે ? કવિ દલપતરામના પિતા ડાહ્યાભાઈ બાળવયના પુત્રને પાસે બેસાડીને સામવેદની સંહિતાનો પાઠ ભણાવતા. અગ્નિ હોત્રના કૂંડ પાસે પિતા હોમ કરે અને દીકરો સંહિતા મંત્રના સ્વરોચ્ચારના આરોહ-અવરોહ શીખે. એક દિવસ ઉચ્ચારણમાં કંઈક ભૂલ પડી. ડાહ્યાભાઈએ દુર્વાસાનું સ્વરૂપ પ્રગટ કર્યું. પોતાની પાસે પડેલું તરભાણું લઈને છૂટું માર્યું. દીકરાના ડાબા હાથના અંગુઠાનું હાડકું ભાંગી ગયું. બરડે સોટીના માર તો અવાર નવાર પડતા. દલપતરામ કંટાળીને ધોળકે ભાગી ગયા. જેઈફ વયે પણ તેઓ કહેતા કે પિતાની લાકડીના મારથી ડાબો ખભો હજી પીડા કરે છે.

બાળબુદ્ધિ પુત્ર મોતીલાલથી આ સહન ન થયું. રિસાઈને ઘર છોડી દીધું. જેતલપુર મંદિરમાં આનંદ સ્વામી પાસે જઈને રહ્યા. માણસના જીવનમાં ક્યારેક એવો પ્રસંગ બને છે કે તે એની જીંદગીનું વહેણ બદલી નાખે છે. મનુષ્ય સ્વભાવના અભ્યાસી એવા R. Smith નામના વિદ્વાને આવું જ તારણ કાઢ્યું છે Most of the critical things in life, which become the starting point for human destiny, are little things માનવીનું ભાગ્ય નિર્માણ કરવામાં ભૂમિકારૂપ બનતી જીવનની ઘણી ખરી ઘટનાઓ સાવ ક્ષુલ્લક હોય છે.

મોતીલાલ જેતલપુર જતા રહ્યા. એ સમય દરમ્યાન તેમના માતા યમુનાબા પણ તેમના કાકી ગંગાબાની સેવામાં ત્યાં જેતલપુર જ હતા. દીકરાને મનાવી

- પટાવી અમદાવાદ લાવ્યા, પણ સંસાર અને કુટુંબ પરથી તેમનું મન હંમેશને માટે ઉતરી ગયું. સંવત ૧૯૦૬માં પુત્રને જનોઈ આપી. સાથે સાથે લગ્ન પણ લીધા. સગાંવહાલાની ઘણી સમજાવટ બાદ પણ મોતીલાલ લગ્ન કરવા તૈયાર ન થયા. કાશીની યાત્રાએ જતાં બટુક બ્રહ્મચારી સીધો અમદાવાદ મંદિરમાં આવ્યો. અયોધ્યાપ્રસાદજી મહારાજે બટુકની સોંપણી વાસુદેવાનંદ બ્રહ્મચારીને કરી. થોડા સમય બાદ આ બ્રાહ્મણપુત્રને મહારાજે વિધિવત દીક્ષા આપી બ્રહ્મચારી કર્યા.

આ બ્રહ્મચારી તે સદ્. શ્રી અવિનાશાનંદ સ્વામી. તેઓ અયોધ્યા-પ્રસાદજી મહારાજ તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી બંનેના કૃપાપાત્ર હતા. અવિનાશાનંદ સ્વામી કાવ્ય-કીર્તન તરફ વિશેષ અભિરુચિ જોઈને આચાર્યશ્રીએ તેમને ભુજની કાવ્યશાળામાં ભણવા મોકલ્યા. લગભગ પાંચેક વર્ષ ભુજ રહીને છંદ શૃંગાર, ભાષાભૂષણ, પિંગળ, અલંકાર શાસ્ત્ર વગેરે ગ્રંથો ભણ્યા. ભુજથી પાછા આવ્યા બાદ થોડો સમય અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે સત્સંગમાં ફર્યા. તે પછી નામ વેરો તથા ધર્માદો ઉઘરાવવા માટે મૂળી, જેતલપુર વગેરે ગામોમાં ફરતા. તે વાસુદેવાનંદ બ્રહ્મચારીના મંડળમાં હતા. બ્રહ્મચારી ઉદારાનંદજી, બ્ર. સત્યાનંદજી, બ્ર. માધવાનંદજી, બ્ર. નિર્માનાનંદજી, બ્ર. અશોકાનંદજી, બ્ર. દેવાનંદજી તથા બ્ર. કપિલેશ્વરાનંદજી વગેરે બીજા સંતો પણ આ મંડળમાં હતા. ઉદારાનંદ, સત્યાનંદ અને માધવાનંદ રસોઈનું કામ સારું કરતા. વાસુદેવાનંદ બ્રહ્મચારીના સમાગમમાં રહ્યા હોવાથી અવિનાશાનંદ સ્વામીનો વૈરાગ્ય તીવ્ર હતો. સત્સંગની મર્યાદા કદિ પણ તોડતા નહિ. શિક્ષાપત્રીમાં આપેલ આજ્ઞાનું સર્વથા પાલન કરતા. અને બીજા પણ કરે તેવો આગ્રહ રાખતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજમાં તેમને અપાર હેત હતું. મહારાજશ્રીને ગુરુ ઉપરાંત માતા-પિતા સમાન માનતા. મહારાજશ્રી અક્ષરવાસી થયા પછી સં. ૧૯૨૪માં કેશવપ્રસાદજી મહારાજશ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ બન્યા. આચાર્ય તરીકે કેશવપ્રસાદજી મહારાજને સ્વામી ખૂબ જ માન પાન સન્માન આપતા.

તેઓ માણસા મંદિરના મહંત હતા ત્યારે ત્યાં તેમની ઉગ્ર પ્રકૃતિ નડી. ભક્તરાજ નરસિંહભાઈ સાથે મત ભેદ થયા. મહંત પદનો ત્યાગ કરી મકાખાડ ગયા. હરિભક્તોની સહાયથી મકાખાડમાં મંદિર બનાવ્યું. મંદિરના મેડા ઉપર પોતાની બેઠક રાખી. કીર્તનો બનાવતા. શ્રીહરિની લીલાઓના પદ રચતા. થોડો સમય સ્થિર થયા એવામાં ગામના કોઈ હરિભક્તે ગમે તે કારણસર સ્વામીને અપમાનજક શબ્દો કહ્યા. સ્વામી બહુ નારાજ થઈ ગયા. ગામ ઉપર પણ ઈતરાજી આવી ગઈ. છતાં મન મનાવતા. લાંધણજ, વરસોડા, મકાખાડ, માણસા, વ્યાર, દશેલા, સાદરા, વિજાપુર વગેરે ગામોમા તેમનું વિચરણ અવારનવાર રહેતું. આ બધા ગામોમાં સ્વામીએ સત્સંગની વૃદ્ધિ સારી કરી હતી. હરિભક્તો બધાં સ્વામીને વિષે ગુરુભાવ રાખતા.

અવિનાશાનંદ સ્વામીએ નાના ગામડાઓમાં રહીને પણ ભક્તિ સાહિત્યનું વિપુલ સર્જન કર્યું છે. પોતાના દીક્ષાગુરુ ધામમાં ગયા પછી અંજલિ સ્વરૂપે અવધવિરહ ગ્રંથ ભૂજ નિવાસ દરમ્યાન લખ્યો. સંવત ૧૯૨૬માં તે પૂર્ણ કર્યો. લાંધણજની લીલા - ૨૮ અધ્યાયનો આ ગ્રંથ માણેકપુર રહીને લખ્યો છે. લાંધણજના હરિભક્તોના ખાસ આગ્રહથી સ્વામીએ અનુગ્રહ કરી આ ગ્રંથ રચી આપ્યો હતો. સંવત ૧૯૩૪-૩૫માં છપૈયા માહાત્મ્ય નામનો ગ્રંથ લખ્યો. સંવત ૧૯૩૭માં કવિતરામાયણની રચના કરી. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજની પ્રશંસા કરતો કેશવદિગ્વિજય નામનો ગ્રંથ પણ તેમણે રચ્યો છે. શ્રીહરિના સુંદર ભાવવાહી કીર્તનો બનાવ્યા છે. તેમજ પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના લીલાચરિત્રોનું રસદાયક શૈલીમાં વર્ણન કરતા શ્રીહરિલીલાસિંધુ નામનો ગ્રંથ હિન્દી ભાષામાં લખ્યો છે. વૈષ્ણવાનંદ કવિએ પદ્યમાં રૂપાંતર કરેલ વચનામૃતોનું પણ સ્વામીએ સંશોધન કર્યું છે. તદ્ ઉપરાંત તેમની રચનાની મળી આવેલ એક સૂચિ પ્રમાણે - વાસુદેવ માહાત્મ્ય, નિષ્કામ શુદ્ધિ, ભાષાભૂષણ, ભાષા વ્યાકરણ, કાવ્યકુતોલ, રસરહસ્ય, હરિરસ પિંગલ, ભગવતપિંગલ, વેદાંત ચૂર્ણી વગેરે ગ્રંથો તેમણે રચ્યા હોવાનું મનાય છે.

શ્રીહરિલીલાસિંધુ ગ્રંથ હિન્દી ભાષામાં લખાયેલો છે. પદ્યમાં છે. ઉત્તમ કોટિના ભાષા અલંકારોથી વિભૂષિત, વિવિધ છંદોમાં સુગ્રથિત આ ગ્રંથની રચના હિન્દી સાહિત્યમાં એક શ્રેષ્ઠ કૃતિ તરીકે સ્થાન પામે તેવી છે.

સિંધુમાંથી ચૌદ રત્નો નીકળ્યા હતા તેમ આ ગ્રંથના ૧૪ રત્નો છે. મૂળ ગ્રંથતો વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ લખવા માંડેલો. સાત રત્નો પૂરા કર્યા ત્યાં તો શ્રીહરિએ તેમને પોતાની સમીપે બોલાવી લીધા. આથી અપૂર્ણ રહેલો ગ્રંથ બીજા સાત રત્નો રચીને અવિનાશાનંદ વરણીએ પૂરો કર્યો. શ્રીહરિના લીલા ચરિત્રોનું વર્ણન કરવામાં સ્વામીની કવિત્વ શક્તિ, બુદ્ધિ પ્રતિભા, ઈષ્ટદેવ પ્રત્યે ભાવના, શ્રધ્ધા અને સર્વોપરિ ઉપાસના ધ્યાનાકર્ષક છે.

સ્વામીએ એકસો પાંસઠ ચરણનું હરિઆખ્યાન રચ્યું છે. તથા શ્રીહરિએ લખેલ શિક્ષાપત્રીનું હિન્દીમાં અનુસર્જન કર્યું છે. તેમની કેટલીક કાવ્ય પ્રસાદી આપણે જોઈએ.

રસન જસન હરિ ના કહે ફસન
બદત મુખ ફંદ
છંદ કહત સો રસનકું દાદુર સમ
દુઃખકંદ

જેની જીભ હરિગુણ ગાવાને બદલે જગતની વાતોમાં પ્રવૃત્ત છે તે જીભને વેદમાં દેડકા જેવી દુઃખ આપનારી કહી છે.

શ્રીહરિની મહિમા યુક્ત સ્તુતિ :

અક્ષરધામ કે ધામી મનોહર શામ
સદા સુખ ધામ નમામિ
નામિ સદા સબ નામન કે સબ ઈશ
અનીશ કે અંતર જામિ
મુક્ત અનંત ઉપાસત હૈ નિત ભક્ત
એકાંતિક ભાવ ભજામિ
નામ સદા નિગમા ગમ કે પુરુષોત્તમ
પૂરન કામ અકામિ.

શ્રીહરિની મૂર્તિનું વર્ણન :

ધવલ દુકુલ હરિ તન પર ધારે,
ધવલ સુયશ જગવિદિત ઉજારે
ધવલ નવલ વર સુમન સુહાવા,
ધવલ હાર હરિ ઉર ધરાવા
ધવલ રૂમાલ ધરે સુત ધરમા,
ધવલ દશન મુખ હસન સુપરમા
ધવલ નવલ સિંધાસન ધારી,
તા પર બૈઠે નવલ વિહારી.

●

સકલ સભા મધ શામધન,
અકલ આપ અવતારી
રાજત રાજન રાજ હરિ,
જન સંતન જયકારી

સંત મહિમા :

સુશીલ સંત પૂજતે પૂજાત આપ શામ સો
દુઃખાત સંત દિલમેં દુઃખાત સુખ ધામસો

સંતને પૂજ્વે કરીને ભગવાનનું પૂજન આપોઆપ થઈ જાય છે. એ જ રીતે સંતને દુઃખ આપવાથી શ્રીહરિ પોતે દુઃખી થઈ જાય છે.

ચરન ચલત ના દર્શ હિત હરિ
હરિજન કે પાસ
તાહિ ચરન બડવાઈ સમ કહત
વાલ્મિક વ્યાસ.

ભગવાન કે ભગવાનના ભક્તના દર્શન કરવા માટે જે ચાલીને જતો નથી તેના પગ વડવાઈ જેવા માનવા એમ વાલ્મિક - વ્યાસ કહે છે.

સંતોને જમાડીને શ્રીહરિ પોઢી ગયા તેનું પણ સુંદર અલંકાર યુક્ત આલેખન કર્યું છે.

સંત જિમાઈ શામ સો શૈયા પર કરી
શયન
નયન કમલ સકુચિત કિયે યોગનીંદ
સુખદયન

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉપક્રમે ગુજરાતના પ્રતિષ્ઠિત કવિ સુંદરમે ઈ.સ. ૧૯૪૦-૪૫ દરમ્યાન અર્વાચીન કવિતાનો વિવેચનાત્મક અભ્યાસ હાથ ધર્યો હતો. એમાં સાધુ અવિનાશાનંદનો ઉલ્લેખ કરતાં તેઓ કહે છે કે એના પદબંદની હથોટી સારી છે. આ સાધુએ શૃંગારના કેટલાક મનોહર ગીતો આપ્યા છે. આજ સંપ્રદાયના અનુયાયી આપણા કવિ દલતપરામ પોતે ગૃહસ્થાશ્રમી હોવા છતાં જેનાથી દૂર ભાગ્યા છે તે શૃંગારને સંપ્રદાયના બ્રહ્મચારી સાધુઓ કેવી નિખાલસતાથી અને સુંદર રીતે ગાય છે તે અહીં જોવા મળે છે. દ્રષ્ટાંત તરીકે નીચેનું પદ આપ્યું છે.

છેલ છુવો ન છતિયો હમાર,
ફાટેગો મેરે અંચરવા
લાખ ટકેકી લીની સારી બિહારી
નાગર નંદકુમાર
ઉરજ ઉતંગ નહીં શામ ચતુર પિયા
નાજુક નવિન લગાર
લોક નગરકે દેખે ડગર મેં
ઠાડે સબ નરનાર
અવિનાશાનંદ કે ગેલ ન કીજો
છોટી મેં અતિ સકુમાર

સ્વામીની પ્રકૃતિ ભલે ઉગ્ર હતી છતાં તેઓ નિર્માની પણ એટલા જ હતા. એક વખત નરનારાયણદેવના મંદિરમાં કવિશ્વર દલતપરામ મળ્યા. દલપતરામે સ્વામીને કહ્યું, "કેમ છો કવીશ્વર ?" પ્રત્યુત્તર રૂપે સ્વામી નમ્રતાથી કાવ્ય પંક્તિ બોલ્યા.

ભાનુ સમકવિ બ્રહ્મમુનિ,
મુક્ત પ્રેમ સખી જેમ ચંદ,
અન્ય કવિ ઉડુગણ સમ,
કહે અવિનાશાનંદ.

આવા મોટા ધુરંધર કવિઓ આગળ

(અનુસંધાન પાના નં. ૧૫ ઉપર)

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી (પર્વ-૩)

– કનૈયાલાલ અનિકેત

Man is known by the company he keeps. માણસની કિંમત એના સાબિતથી થાય. શ્રીજી મહારાજ પોતે નિર્દંભ છે, નિર્દોષ છે, નિર્વિષય છે, અનાસકત છે, નિર્વાસનિક અને નિર્વિકાર છે એવી તેમણે પોતે કરેલ વાતોની સત્યતાની પ્રતીતિ તો તેમને કેવી માણસોની સોબત ગમે છે. તેના પરથી થાય છે. વચનામૃતમાં ઠેકાણે ઠેકાણે પોતાને કેવા ભક્તો ગમે છે અને કેવા નથી ગમતા તેની સ્પષ્ટતાપૂર્વક વાત કરી છે. ગઢડા મધ્યના ૩૯માં કહ્યું છે : '..... જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે - આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી, તો તેને દેખીને મન રાજી ના થાય ને તેની સાથે સુવાણ્ય પણ ના થાય.

વ૨. ૧૧માં કહ્યું છે ..... અને અમારો તો એ સ્વભાવ છે જે બ્રાહ્મણનો, ને ગરીબનો અને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે તે તો અમને દીઠો ગમે નહી અને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી.

શ્રીજીમહારાજ તો અવતારના અવતારી હતા. તેમણે ઘેટાંના ટોળાં ભેગા નહોતા કર્યાં. ભીડ એકઠી કરવી એ અઘરું નથી. વાઘનાં ટોળા ના હોય. મહારાજે આ અવતારે ભક્તોને મુમુક્ષુઓને, સંત પરમહંસોને બરાબરના તાવ્યા છે. એમની અગ્નિપરીક્ષામાંથી



પસાર થયા તે તરી ગયા. દાદા ખાચર હોય કે કોઈ પણ સંત હોય મહારાજે તાવણી કરવામાં બાકી રાખ્યું નથી. એટલે તો સત્સંગમાં ટોળાં (અલબત્ત, મહારાજે ચિંધેલા માર્ગ પર ચાલનારા) આજે પણ નથી. જે છે તે સિંહોનો સમૂહ છે.

આપણે વાત કરીએ છીએ બ્રહ્માનંદ સ્વામીની ! બ્રહ્માનંદ સ્વામી એટલે નરપૂંગવા ! વિરતાનું, સમર્પણનું પ્રતિક !

બ્રહ્માનંદની કવિતા મધ્યકાલીન કવિતાની બન્ને ધારાનાં (ભક્તિ અને જ્ઞાન) તેજવલયો ઝીલે છે. સમયની દ્રષ્ટિએ દયારામ કરતાં પાંચેક વર્ષ મોટા અને દયારામ પહેલાં વીસેક વરસ પહેલાં જીવનલીલા સંકેલી લેતા બ્રહ્માનંદમાં સમગ્ર મધ્યકાળની ખૂબી-ખામીઓ દેખાઈ આવે છે. ભક્તિ અને તે પણ શૃંગારથી પ્રાણમય બનેલી ભક્તિ બ્રહ્માનંદ સ્વામીમાં છે. તો વૈરાગ્યના સચ્ચાઈ ભરેલા સૂરથી મુખરિત થયેલું જ્ઞાન પણ બ્રહ્માનંદ સ્વામીમાં છે. આમ જુઓ તો બ્રહ્માનંદ સ્વામીમાં નરસિંહ જેવો ભક્તિશૃંગાર હતો અને એટલે જ બ્રહ્માનંદ સ્વામીએ વૈરાગ્યની નીરસતા અને જ્ઞાનની શુષ્કતાને ગાળી નાખી. આ જીવન પણ જીવવા જેવું છે એવા મધુર ભાવના વાદને તેણે જન્મ આપ્યો અને ભક્તિ કવિતાને ઋજુમંજુલ બનાવી. 'આ તન રંગ પતંગ સરીખો, જાતા ન લાગે વારજી' તો

"છેલા ચાલતા ગાજચાલ, આવો મારે આંગણે,
હું તો મોહી છું મોહનલાલ, તોરે ફૂલડાં તણે."

આ તો થોડીક ઝલક શ્રીજી મહારાજના તાવેલા નંદસંતોની બ્રહ્માનંદ સ્વામી એમાંના શીરમોર. સહજાનંદ સ્વામીના મૂગટની કલગી !

આપણે બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં ડોકિયું કરીએ. પૂર્વાશ્રમના 'લાડુદાનજી.' શંભુદાનજી અને માતા લાલુબા દેવીનું સંતાન. પુત્રના લક્ષણ પારણામાંથી ! લાડુદાનજી તો મહારાજના ખાતાનો જીવ ! અક્ષરધામથી મહારાજ સાથે જ પ્રગટેલા ! શંભુદાનજી 'ચારણકુળ'ના આ કૂળને - જ્ઞાતિને મા સરસ્વતીનું વરદાન. લાડુદાન પર પણ સરસ્વતીના ચારે હાથ. એમને પીંગળ ભણાવવાની શંભુદાનની નેમ. પણ એ કાલે પીંગળ-ડીંગળનો અભ્યાસ કરાવતી

ભારતભરમાં એક જ શાળા અને તેય ભૂજમાં ! ખાણ ગામ રાજસ્થાનના સિમાડે આવેલા શિરોહી પરગણાનું ! શિરોહી અને ભૂજ રાજ્યો સંબંધથી બંધાયેલા અને તેય પાછાં વેવાઈવળોટના ! શિરોહીના રાજવીને શંભુદાનજી પર ખાસ હેત અને એમાંય બાળ લાડુદાનજીની પ્રતિભાને એમણે પારખી ! રાજવીનો પણ આગ્રહ કે લાડુદાનજી તો સાચો હીરો છે. પીંગળના અભ્યાસથી તેના પર પહેલ પડશે તો પાસાદાર હીરો બનશે ! એટલે તો ભૂજમાં લાડુદાનજીના અભ્યાસનો રહેવાનો વિ. તમામ ખર્ચ શિરોહી રાજ્ય ઉપાડશે તે મતલબનો ખલિતોતો ક્યારનોય તૈયાર કરી રાખ્યો હતો. પણ લાડુદાનજીને ભૂજ સુધી કેવી રીતે મોકલવા ? શંભુદાનજીને આ મુંઝવણ હતી. એ જમાનામાં રેલ્વે નહિ, પરિવહનનાં કોઈ સાધન નહી. પગપાળા જવાનું. એમાંય વચ્ચે કચ્છનું રણ આવે. તેમાં તો ભોમિયા સિવાય જવાય જ નહિ. આ ઉપરાંત લાડુદાનજી તો હજી દૂધમલ યુવાન ! આવી આકરી મુસાફરી એમનાથી શેં થાય ? પણ સામે પક્ષે 'લાડુદાનજી' તો ભગવાન સ્વામિનારાયણના ખાતે લખાયેલા મુમુક્ષુ ! મહારાજ પણ ક્યાં સુધી રાહ જૂએ ?

શંભુદાનજીને એક રાત્રે સ્વપ્ન આવ્યું. તેજના અખૂટ ભંડારમાં દેવદેવીઓનાં દર્શન થયા. એમાં વચ્ચે બિરાજેલા ત્રિદેવ-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ! ત્રિદેવે શંભુદાનજીને કહ્યું : લાડુદાનજી તો મહામુક્તરાજ છે. એમના રક્ષણમાં અમો બધા સદાકાળ સાથે જ છીએ. તમો એમને ભૂજ મોકલો. સરસ્વતી દેવી ખૂદ એમની રાહ જૂએ છે. સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી પર પધારશે ત્યારે લાડુદાનજી એમને મળી તેમના કૃપાપાત્ર થશે. આનાથી તો અનેક જીવોનું કલ્યાણ થવાનું છે. અમને તો ભગવાનની કૃપા થી જ લાડુદાનજી જેવા મહામુક્તરાજની સેવાનો લાભ મળ્યો છે. આજથી પાંચમાં દિવસે એક કચ્છી બ્રાહ્મણ તમારે ત્યાં પધારશે તેમની સાથે લાડુદાનજીને કચ્છ મોકલજો.''

નવાઈની વાત તો એ હતી કે આવું જ સ્વપ્ન લાડુદાનજીનાં માતુશ્રી લાલુબાદેવીને પણ એ જ રાત્રે આવ્યું. લાડુદાનજીને પણ આ સ્વપ્નનો ભાસ થયો. બધાં ખુશ હતાં. ઈશ્વરીસંકેત થી બધાં ખુશ હતા.

બરાબર પાંચમાં દિવસની સવારે આધેડવયના ભૂદેવ 'સચ્ચિદાનંદ હરે !' કહેતા શંભુદાનજીનાં આંગણે આવીને ઉભા. શંભુદાનજી ઓસરીમાં ખાટલા પર જ બેઠા હતા. તે તો તરત વાત પામી ગયા. ઉભા થઈ ભૂદેવને પગે લાગ્યા. માથે કચ્છી પાઘડી, બ્રહ્મતેજથી ઝગારા મારતું મુખારવિંદ, ભાલમાં કેશરની આડ, કુમકુમનો ચાંદલો, ગળામાં રુદ્રાક્ષની માળા, ખભે ખડિયો, ઊજળી ધોતી અને કચ્છી ઝુલડી જેવું અંગરખું, કચ્છી મોજડી અને કચ્છી પાઘમાં ખોસેલું ટીપણું ! પ્રથમ દ્રષ્ટિએ જ શંભુદાનજીને થયું કે 'આ કોઈ સામાન્ય બ્રાહ્મણ નથી.'

યથાયોગ્ય સન્માન-સત્કાર કરી યોગ્ય આસન આપી ભૂદેવને બેસાડ્યા.

ભૂદેવે કંઈક કચ્છી તો કંઈક ગુજરાતી ભાષામાં કહ્યું. મારૂં વતન કચ્છ. રાજસ્થાનમાં વિચરણ કરી કચ્છ પાછો જાઉં છું. ''શંભુદાનજીએ બહાર રમતા લાડુદાનજીને બોલાવ્યા. લાડુદાનજીએ ભૂદેવને પ્રણામ કર્યા અને નીચે બેઠા. ભૂદેવે કહ્યું. નીચે ના બેસો. અહીં મારી પાસે બેસો. તમારું આસન તો મારી બાજુમાં જ હોય.''

''મારે મારા આ એકના એક પુત્રને પિંગળ શાસ્ત્ર ભણવાને ભૂજ મોકલવા વિચાર છે. તેથી કોઈ સથવારાની રાહ જોતો હતો.''

''હું થોડું સામુદ્રિકશાસ્ત્ર જાણું છું. તમારા પુત્રના શારીરિક લક્ષણો જોતાં એ બહુ મોટા ભક્તરાજ અને કવિરાજ થશે. મારે પણ ભૂજ જવું છે. મારી સાથે તેમને મોકલશો તો તેમને રસ્તામાં કોઈ તકલીફ નહીં પડવા દઉં. ઠેઠ ભૂજમાં રાજવીને એમને સોંપી ભલામણ કરીશ. તમો નિશ્ચિંત થઈ જાવ.'

શંભુદાનજીતો રાજીના રેડ થઈ ગયા. લાડુદાનજીને ભૂજ મોકલવાની તૈયારી કરવા લાગ્યા. પછી તો શુભ ચોઘડીયું જોઈ લાડુદાનજીને વિદાય કરવાની ઘડી નક્કી થઈ. ગામમાંથી તેમજ સગાંસંબંધીઓએ લાડુદાનજીને શુભેચ્છારૂપે શ્રીફળ વિગેરે શુકન આપ્યા. વિદાય વસમી હતી. પણ લાડુદાનજી જીવનનો નવો અધ્યાય શરૂ કરવાના હતા તેની ખુશી પણ હતી. જરૂરી સાધનસામગ્રી સાથે લાડુદાનજીને ભૂદેવ સાથે રવાના કર્યા. ખાણ ગામ આખું લાડુદાનજીને વિદાય આપવા ગામની ભાગોળ સુધી વળાવવા આવ્યું. તો શંભુદાનજીતો એમના કોડીલાકુંવરને વળાવવા બે મજલ સુધી સાથે ગયા. ભૂદેવે એમને કાંઈપણ ચિંતા નહી કરવા

ધીરજ આપી પાછા વળવા કહ્યું. શંભુદાનદજીએ વાટખર્ચીની રકમ શિરોહીના રાજાનો પત્ર તથા પોતાનો ઘોડી ભૂદેવને અર્પણ કર્યો અને ભારે હૈયે પુત્ર વિયોગનું દુઃખ લઈને પાછા વળ્યા.

ભૂદેવ જાણે લાડુદાનજીના જુના સોબતી હોય એમ આનંદ પ્રમોદ કરતા ઘોડા ઉપર વારાફરતી બેસતા જતાં આગળ વધતાં હતા. બનાસ નદી ઓળંગી રોહા, પાલનપુર, રાઘનપુર થઈને મચ્છુકિનારે માળીયા (મીયાણા) ગામે આવ્યા. અહીંથી રણ પ્રદેશ ચાલુ થાય. ભૂદેવ રણના ભોમિયા હોઈ આગળ ચાલે અને લાડુદાનજી તેમની પાછળ ચાલે. લાડુદાનજીનો અંતરાત્મા કહેતો હતો કે આ ભૂદેવ તો ભવ રણના ભોમિયા છે.'

રણનો પંથ વિકટ હતો. પણ ભૂદેવ તો જાણે પૂર્વજન્મના સંબંધી હોય તેમ લાડુદાનજીને ફુલની જેમ સાચવતા હતા. લાડુદાનને કોઈ તકલીફના પડે તેની કાળજી રાખતા હતા.

જોતજોતામાં તો ભુજીયો ડુંગર દેખાયો. ભૂજીયા ડુંગર પાસે નદીના ઝરામાં બન્ને મુસાફરોએ સ્નાન કર્યું. ટીમણ કર્યું. થોડો આરામ કર્યો. એટલામાં ભુજ નગરમાંથી કોઈ શેઠ આવ્યા. પ્રણામ કરી પૂછ્યું. રાજસ્થાનના ખાણ ગામથી શંભુદાનજીના પૂત્ર પીંગળ ભણવા આવે છે તે તો આ કુમાર નહીને ?''

સાચા ઓળખ્યા ''ભૂદેવ બોલ્યા,'' આજ લાડુદાનજી.

'રાજ્ય તરફથી આવું છું. શિરોહીથી પત્ર આવી ગયો છે. કાગડોળે લાડુદાનજીની રાહ જોવાય છે. માટે ચાલો મારી સાથે.'

લાડુદાનજીને તો આનંદ સાથે આશ્ચર્ય થયું.

''લાડુદાનજી, સામેના ગામે મારે યજમાનના ત્યાં જવાનું છે. તમે આ શેઠ સાથે રાજ્યમાં પધારો. જૂઓ, ચિંતા કરશો નહીં. શેઠ છે તે હું જ છું.'' તમારો સઘળો બંદોબસ્ત થઈ ગયો છે. આ ઘોડો પણ લઈ જાવ હું સમય આવ્યે તમને મળીશ.''

ભૂદેવ તો આટલું કહીને રવાના થયા. લાડુદાનજીએ પાછું વળીને જોયું તો ભૂદેવ અદૃશ્ય ! ઉપરાઉપરી આશ્ચર્ય સર્જાતા હતા !

પણ ..... આ તો અક્ષરધામના અનાદિમુક્ત મહારાજના માનીતા, કવિરાજ અને પરમહંસ પછી મહારાજ તેમના ભોમિયા ય થાય અને વ્યવસ્થાપકેય થાય !

એટલે તો બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે કે :

છાંડ કે ઘનશ્યામ ઓરકો ધરૂં જો ધ્યાન,
ફારિડારો છાતિ મોરી કઠિન કુંઠાર સે.

(ક્રમશઃ)

અવિનાશાનંદ સ્વામી

આપણે શા લેખામાં ? સૂરજ આગળ જાણે ટમટમતો દીવડો !

કવિ દલપતરામને થયા હતા તેમ અવિનાશાનંદ સ્વામીને શ્રીજી મહારાજના સંદેહે દર્શન નહોતા થયા. તેમનો જન્મ મહારાજ ધામમાં ગયા પછી સંવત ૧૮૯૦ની આસપાસ વીરમગામમાં થયો હતો. તેમ છતાં, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી - શ્રીહરિના મળેલા આ બધા

પાના નં.૧૨નું ચાલુ

સદ્‌ગુરુઓ હયાત હતા. જેથી તેમના દર્શનનો લાભ અવશ્ય મળ્યો હશે. સ્વામી શરીરે પુષ્ટ હતા. નીચે દડીનો બાંધો હતો. તેજસ્વી ચહેરો હતો. તીવ્ર વૈરાગ્યવાન હતા. અણી શુધ્ધ ચારિત્ર્ય ધરાવતા હતા. શ્રીજી મહારાજે સ્થાપેલી નાની મોટી કોઈપણ મર્યાદાનું પાલન અસિધારા વ્રતની જેમ કરતાં. સંવત ૧૯૩૯માં ગામ વરસોડામાં અક્ષરવાસી થયા. ઝાંઝરીના કાંઠે જ્યાં તેમનો દેહ પંચભૂતમાં વિલીન થયો તે સ્થળે છત્રી બનાવી છે. ત્યાંના હરિભક્તોએ સ્વામીની પાછળ બ્રાહ્મણોની ચોર્યાશી કરી હતી.

સત્સંગીમાત્રે નામ ધર્માદો નિયમિત ભરવા અંગે

સર્વાવતારી સર્વોપરિ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના અમૂલ્ય ગ્રંથ શ્રી શિક્ષાપત્રીમાં (શ્લોક ૧૪૭) સ્પષ્ટ આજ્ઞા કરી છે કે દરેક આશ્રિત માત્રે પોતાની આવકનો દશમો અને વ્યવહારે દુર્બળ હોય તેવા હરિભક્તે વીસમો ભાગ દેવનો ધર્માદો કાઢીને પોતાનો જીવન વ્યવહાર કરવો. ''ધર્માદો'' એ જે તે દેશમાં રહેતા હોય ત્યાંના મુખ્ય મંદિરમાં ધર્માદાના રૂપમાં જ પહોંચ લઈને ધર્માદો કરવો અને સાથે કુટુંબના દરેક સભ્યના નામ લખાવીને ધર્માદા સાથે નામવેરો પણ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદની કોઠાર ઓફીસમાં ભરીને પહોંચ મેળવી લેવી

ખાસ સૂચના : શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસરતા દરેક હરિભક્તોએ ધર્માદાની રકમ અન્યત્ર કોઈ પણ સંસ્થામાં અપાય નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું.

મહાનિષ્કામી મુકુંદાનંદ બ્રહ્મચારી

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

મુકુંદાનંદ બ્રહ્મચારી મછીયાવના વતની હતા. તેમનું નામ મુળજીભાઈ. નાનપણથી એકજ ટેક હતી આજીવન બ્રહ્મચર્ય પાળવું અને અપરણિત રહેવું. યજમાનવૃત્તિ હતી. યજમાનોમાં પણ તેમના નિખાલસ સ્વભાવને કારણે તેઓ સૌ માં પ્રિય હતા. યજમાનો તેમના પર વિશ્વાસ મૂકતા.

તેમના જીવનમાં એક અસાધારણ પ્રસંગે તેમણે સંસાર છોડી દીધો. બન્યું એમ કે કોઈ યજમાને તેમની પુત્રીને મછીયાવ લઈ આવવા મુળજીભાઈને વિનવ્યા. તેઓએ તેની પુત્રીને લાવવા સંમતિ આપી. રસ્તામાં રાત વાસો એક સ્થળે કરવો પડ્યો. બહેનને અંદર સુવડાવી પોતે બહાર સૂઈ ગયા. મુળજીભાઈના શરીર સૌષ્ઠવથી અંજાઈ તે બહેનનું મન બગડી ગયું. તેણીએ મૂળજીભાઈને જગાડીને પોતાને ડર લાગે છે માટે તેમને ઓરડામાં આવવા વિનવ્યા. મૂળજીભાઈને તો કોઈ ખ્યાલ ન આવ્યો. તેમણે તેણીને સમજાવીને સુવડાવી દીધી. ફરીને તેણીએ સ્ત્રી રચિત્ર કર્યું. છેવટે તેણીના બદ ઈરાદાનો ખ્યાલ મૂળજીભાઈને આવી ગયો. ભગવાને પોતાની ટેકની રક્ષા કરી છે તેથી હવે ભગવાનના જ બની જવું. સંસાર છોડી દઈ સદાકાળ ભગવાન ભજવા તેઓ એક દિવસ લોજમાં રામાનંદ સ્વામીને મળ્યા. આખરે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી મુકુંદાનંદ સ્વામી બન્યા.



આખરે શ્રીજી મહારાજનું સાનિધ્ય પ્રાપ્ત થતાં તો તેમનું જીવન ધન્ય બની ગયું. શ્રીજી મહારાજની જીભ વળે તેમ બ્રહ્મચારીનું શરીર વળે. શ્રીજી મહારાજની આજ્ઞા એજ તેમનું જીવન હતું. શ્રીજી મહારાજ અવાર નવાર તેમની કસોટી કરતા અને બ્રહ્મચારી તેમાં ઉત્તીર્ણ થઈ જતા. તેઓ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ આ ત્રણેય અવસ્થામાં શ્રીજી મહારાજના દર્શન કરતા. દરેક સંતને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવાનું હોય - બ્રહ્મચારીને સંપૂર્ણ નિર્વિકાર જોઈને મહારાજે તેમને સ્ત્રીઓ સાથે બોલવાની છૂટ આપેલી.

એક સમયે મહારાજ ગઢપુરથી જેતલપુર પધારેલા. તેમના વિયોગથી જીવુબા, લાડુબાએ અન્નનો ત્યાગ કરી દીધેલો. તેમને ધીરજ આપવા શ્રીહરિએ બ્રહ્મચારીને મોકલેલા. જેમ કૃષ્ણ ભગવાને ઉધ્ધવજીને ગોપીઓ પાસે મોકલેલા. શ્રીજી મહારાજનાં ચરિત્રો સંભળાવી બ્રહ્મચારીએ તેમને તૃપ્ત કર્યા. આ વાત વાસુદેવાનંદ બ્રહ્મચારીએ સત્સંગીભૂષણમાં વર્ણવી છે. આ પ્રસંગ પર મુક્તાનંદ સ્વામીએ ઉદ્ધવગીતાનો મનોપ્રબંધ રચ્યો છે.

વડતાલમાં શિખર પાછળના ચોકમાં સભા ભરીને વિરાજમાન હતા. ઉપર પ્રદક્ષિણામાં બ્રહ્મચારી ઉભા હતા. ત્યારે મહારાજે પાણી માગ્યું કે તરત બ્રહ્મચારીએ ત્યાંથી પડતું મૂક્યું ને પાણી લાવ્યા. મહારાજ કહે, "બ્રહ્મચારી તમે શા માટે પડતું મૂક્યું ?" બ્રહ્મચારી કહે, "મહારાજ ! આપશ્રીને પાણી જોઈએ અને પગથિયાં ઉતરવા જાઉં એમાં વાર કેટલી થાય ? બાકી તો આપજ રક્ષાના કરનારા છો." આવી અવિચળ શ્રધ્ધા તેમની હતી.

એક સમયે બ્રહ્મચારીને સભામાં વાત કરવા શ્રીહરિએ આજ્ઞા આપી. બ્રહ્મચારીએ વાત કરી, "એક મુદ્દાની વાત કહું છું. આ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે. એમના જેવા કોઈ થયા નથી અને થાશે પણ નહિ. આ આપણા ઈષ્ટદેવની આજ્ઞામાં ફેર ન પાડવો. અને તેઓશ્રીએ બાંધેલી મર્યાદામાં રહેવું આ બે વાતો જીવનમાં ખૂબ જ અગત્યની છે."

શ્રીજી મહારાજે પ્રસન્નતાપૂર્વક કહ્યું, "બ્રહ્મચારીએ બહુ ભારે વાતો કરી. વચનામૃતમાં પણ શ્રી મુકુંદાનંદ બ્રહ્મચારીનો ઉલ્લેખ દ્રશ્યમાન થાય છે. શિક્ષાપત્રીમાં સ્વયં શ્રીહરિએ તેમને ચોથા શ્લોકમાં સ્થાન આપી અમરત્વ બક્ષ્યુ છે.

સત્સંગ જીવનવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આખી જીંદગી લાલી લેખે ?

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

મિત્રો ! પહેલાં શાંતિથી આ વાર્તા વાંચી લો. વિચારવાનું છેલ્લે. એક ગૃહસ્થને સંસારમાં કોઈ સંતાન નહી. બહુ પ્રાર્થના બહુ પૂજા પછી ભગવાને એક દીકરી આપી. દીકરીમાં અતિ સ્નેહ થઈ ગયો. એટલું બધું લાલન-પાલન કરે કે પેલી દીકરી બે વર્ષની થઈ ગઈ છતા ચાલવા ન દે, ઉંચકી-ઉંચકીને ફરે. માણસો સલાહ આપે કે હવે ઉંચકી ઉંચકીને ન ફરાય. જરા ચાલવા દો આપો-આપ એટલો વ્યાયામ થશે. પણ અળગી જ ન કરે. એ દીકરીનું એટલું બધું લાલન-પાલન કરે એટલે તેનું નામ લાલી જ પાડી દીધું.

અખંડ લાલી રાત-દિવસ લાલી, લાલી સામે જ જોયા કરે. લાલી હસે છે, હસે નહી તો શું કરે. મને આ બે ખરા મળ્યા છે. અખંડ મારી પાછળ-પાછળ જોયા કરે છે. એટલે લાલી હસે. લાલીએ આજે શું ખાધું ? કેટલું ખાધું ? અને પછી લાલીને ખવડાવવા માટે લારીઓ પાસે લઈ જાય. લારીઓ લઈને ઉભેલા હોય તેમાં જાત-જાતનું ખાવાનું બને. મીઠું મરચું, તેલ ને મસાલા નાખેલું હોય, પણ સ્વચ્છતા કે શુદ્ધતા હોય નહીં. પરિણામે એ ખાવાથી બહુ રોગ થાય.

અને આ લાલીને લારીઓની આ વાનગીઓ દાઢે ચઢી ગઈ. મને દાબેલી ખાવી છે. તો કોઈ વખત કહેશે સમોસા ખાવા છે. તો કોઈ વખત જીદ કરે મારે પાણી પૂરી ખાવી છે. અલ્યા પૂરી જોડે દૂધ ખાવને, પાણી શું કામ ખાવ છો ! પણ આ લાલીને બહુ જ લાલન પાલન કરે. લારીમાંથી બધું માંગ્યા જ કરે અને ઉંચકી ઉંચકીને લારીઓ પાસે લઈ જાય. અને ખવરાવ્યા કરે. ખબર છે ને ! આનું કારણ શું ? અતિ સ્નેહ. અતિ સ્નેહ હોય એને વિવેક ભૂલાઈ જાય. બાળક તો માગે - બાળક અજ્ઞાની છે એ માંગે એ બધું આપો તો પરિણામ શું આવે ? લાલીને રોગ લાગુ પડી ગયો. કારણ શું ? આચર-કુચર ખાવા માંગે તે આપે - માપ વગરનું જેમ માંગે એમ આપે. બાળક છે અજ્ઞાની છે એ તો માંગે પણ અતિ સ્નેહ સારો નહિ. પણ તમારામાં વિવેક હોવો જોઈએ કે, બહુ થયું - વધારે ખાશે તો દુઃખી થશે - હેરાન થશે તકલીફ શું છે ? જો થોડોક ખટકો રાખવા જાવ અને અટકાવવાની કોશિશ કરો તો કહેશે ઓ..... હો..... હો. તમને તો તમારા પાકીટની ચિંતા છે. બિચારી..... લાલીને જુઓ ને કેવી રડે છે. એને તમે ખાવા નથી દેતા. લઈ જાવ અને ખવરાવો આમ ખવરાવવામાં ને ખવરાવવામાં આઠ-દસ વરસ પસાર થઈ ગયા અને બહુ માંદી પડી ગઈ.

દર વર્ષની થઈ ત્યાં તો એટલા બધા દાગીના કરાવ્યા કે ન પૂછો વાત. જાત જાતના દાગીના કરાવરાવ્યા. બસ આખો દિવસ લાલી.... લાલી .... પણ લાલી માંદી પડી. અંદરથી હોજરી ખરાબ થઈ ગઈ. આંતરડા ખરાબ થઈ ગયા. દવાઓ ચાલુ થઈ ગઈ. ઔષધો ને દવાઓ ઘણી કરી પણ લાલી બચી ન શકી જતી રહી. પાછળ શું આવે ? રડવાનું. રડે શું ? અતિ દુઃખી થાય. રાત-દહાડો લાલી ..... લાલી... મારી લાલી..... તો સ્વર્ગમાં જાય એવી જ હતી. સ્વર્ગ માં શું કરતી હશે ? સ્વર્ગમાં એને કોણ જમાડતું હશે ! સ્વર્ગમાં લારી વાળો હશે કે નહીં ? સ્વર્ગમાં એને મન ભાવતા સમોસા મળતા હશે કે નહીં ? આખો દિવસ સ્વર્ગની જ વાત.

આની માહિતી કોઈ એક ઠગને મળી ગઈ. છેતરપીંડી કરવા વાળા બહુ હોંશિયાર હોય. એણે બ્રાહ્મણનો વેશ લીધો. બ્રાહ્મણતો છેતરપીંડી ન કરે પણ આ ઠગે બ્રાહ્મણનો વેશ લીધો। લાં...બું. આડુ જબરજસ્ત ટીલું તાણ્યું અને કંઠમાં બે-ચાર માળાઓ ઘાલી. ધોતીયું લગાવી દીધું અને આવીને બેઠો. હું તને એક વાત કહેવા આવ્યો છું. આજ રાતે મને એક સ્વપ્નું આવ્યું. એ સપનામાં સ્વર્ગમાં ગયેલા મારા બાપુજી મને મળ્યા અને કહેવા લાગ્યા. હમણાં હમણાંથી સ્વર્ગમાં બહુ જ આનંદ છે. કારણ કે એક નાની આઠ-દસ વરસની બેબી આવી છે. શું દોડાદોડ અને કિલકિલાટ કરે છે ! પણ બિચારી બહુ દુઃખી છે. કારણ કે તે તેના દાગીના વારેવારે સંભાર્યા કરે છે. એના દાગીના જે તમે કરાવેલા ને તે ! સંભાર્યા જ કરે છે. મારા કાનના-ગળાના હાથના - આંગળીઓના દાગીના - મારા દાગીના અને યાદ કરીને દુઃખી થયા કરે છે. આ તો તમને કહેવા આવ્યો છું.

અતિ સ્નેહના કારણે અંધ બનેલો અને વિવેક ભૂલેલો આ ગૃહસ્થ પેલા ઠગને કહે છે. હવે, લાલીને દાગીના મોકલવા હોય તો શું કરવું ? એ તો સીધી વાત છે. જે બ્રાહ્મણને સ્વર્ગ સાથે સંપર્ક હોય તેવા બ્રાહ્મણને જો એ દાગીના દાનમાં આપી દો તો લાલીને સ્વર્ગમાં દાગીના પહોંચી જાય. તમને તો સ્વર્ગમાં રહેલા તમારા બાપુજી દેખાય છે ને ? હા, દેખાય છે ને ! ગઈ કાલે જ સપનામાં જ આવીને વાત કહીને જ ગયા. એટલે તો લાગણીથી તમને કહેવા આવ્યો છું. એ દાગીના મને જ આપો એવું કાંઈ હું કહેવા નથી આવ્યો. તો તો એમ કરો.... તમે જ દાગીના લઈ જાવને ! હું વળી ? બીજો બ્રાહ્મણ ક્યાં ગોતવા જાઉં, યાદ રાખજો આ બ્રાહ્મણ ન હતો ઠગ હતો. સારૂં સારૂં તમે કહો છો તો લઈ જાઉં. અને બધા જ દાગીના આપી દીધા. તમે ચિંતા ન કરશો. આ બધા જ દાગીના પહોંચાડી દઈશ. સ્વર્ગમાં તમારી લાલી એટલી બધી રાજી થશે. એટલી બધી રાજી થશે અને તમારા ઉપર આશીર્વાદ વરસાવશે. આ ઠગ દાગીના લઈ પોટલી બાંધી હેંડતો થયો.

થોડીવાર પછી આ ગૃહસ્થને ઘેર તેમનો પરિચિત એક અનુભવી માણસ આવ્યો. ગૃહસ્થના મોં ના ભાવ ઉપર આનંદ, સંતોષ - કંઈ કર્યા નો ભાવ દેખાયો તેથી કહેવા લાગ્યો, આજે મને ઘણો જ આનંદ અને સંતોષ છે. કારણ કે મેં મારી લાલીને સ્વર્ગમાં દાગીના મોકલ્યા. આ અનુભવી વ્યક્તિ ચમક્યા. લાલી.... ના... દા... ગી....ના.... લાલીનો તો દેહત્યાગ થઈ ગયો છે અને એ વાતને તો મહિનો થઈ ગયો. દાગીના મોકલ્યા તમે ..... ! હા.... એક ભૂદેવ આવ્યા હતા ને .... ત્યાં અનુભવી વ્યક્તિ બોલી ઉઠ્યા. એવા કોઈ ભૂદેવ ન હોય કે લાલીને દાગીના આપવા સ્વર્ગમાં જાય. અને જો મોકલવા હોય તો તે બ્રાહ્મણને ય સ્વર્ગમાં જવું પડે, એણે સ્વર્ગવાસ સ્વીકારવો પડે. ભલા માણસ તમે છેતરાઈ ગયા છો. ના... ના.... તમે જલ્દી જાવ હજુ આટલામાં જ હશે. દાગીના પાછા લાવો. આ તો ઘોડે બેઠો અને સડસડાટ દોડાવ્યો. પેલા ભાઈએ કહ્યું એમ જ થયેલું. પેલો ઠગ હજું માંડ બે-ત્રણ કિલોમીટર ગયો હશે, એણે જોયું કે ઘોડો દોડાવતો આવનાર એજ છે.... માટે ઝાડ ઉપર ઠગ ચડી ગયો. વૃક્ષ ઉપર સંતાઈ ગયો તે પેલા ગૃહસ્થે પણ જોયું. બરાબર એજ ઝાડ નીચે ઘોડો ઉભો રાખ્યો. હાકોટો માર્યો ચાલ નીચે ઉતર-દાગીના લઈ ને જાય છે ! તમે તો સ્વર્ગમાં મોકલવા આપ્યા છે. સ્વર્ગમાં મોકલવા માટેની આ વિધિ કરવા હું ઝાડ ઉપર ચડ્યો છું. તમને વિશ્વાસ ન આવતો હોય તો ઝાડ ઉપર આવો.

આ ભોળો ગૃહસ્થ ઝાડ ઉપર ચડ્યો. ગૃહસ્થ જેવો ઝાડ ઉપર ચડ્યો એવો જ પેલો ઠગ દાગીનાની પોટલી સાથે નીચે ઘોડા ઉપર કુદી પડ્યો અને ઘોડાને દોડાવી મૂક્યો. પતી ગયું. ખાલી હાથે ગૃહસ્થ પાછો આવ્યો. એનાં ઘરવાળાં કહેવા લાગ્યાં - શું થયું ? થાય શું ? પેલો જતો રહ્યો. અર.... ર.... ર... આપણા દાગીના તો લાલી લેખે ગયા ! પણ આપણો ઘોડો ક્યાં ગયો ? એય પણ લાલી લેખે ગયો.

વ્હાલા ભક્તો ! સાવચેત રહેજો લાલી લેખે આખી જુંદગી ચાલી જશે તો પણ ખબર નહી પડે. લાલી એટલે માયા. માયાની ચિંતામાં ભજન-ભક્તિ, સત્સંગ બધું ચાલ્યું ન જાય. માયાને ઓળખી કે નહીં ? પ્રથમના પહેલાં જ વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે ભગવાનનું ધ્યાન, ભજન કરતાં જે પદાર્થ આડું આવે તેનું નામ માયા. એ જ લાલી. એમાં જીવનનું કલ્યાણનું સર્વસ્વ હોમાઈ ન જાય તેનું ધ્યાન રાખજો.

●


શિખામણ નાની, ફાયદો મોટો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

શિક્ષાપત્રીતો દરરોજ વાંચો છો ને તો શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને એક વાત કહી છે કે નિત્ય પ્રત્યે ભગવાનના મંદિરમાં જવું અને મંદિરમાં જઈને "કાર્ય તસ્ય કથા-વાર્તા શ્રવ્યાસ ચ પરમાદરાત્ ।" ભગવાનની કથાવાર્તા કરવી અને સાંભળવી. ભગવાનની કથાનો ખૂબ મહિમા છે. એમાં પણ સંતના મુખે ભગવાનની કથા થતી હોય અને એ કથાના બે શબ્દો પણ આપણા જીવનમાં ઉતરે તો બેડો પાર થઈ જાય. આ વાત વાંચ્યાં પછી એક શેઠે મંદિરમાં કથા સાંભળવાનું નિયમ રાખ્યું. રોજ સવારે મંદિરે કથા સાંભળવા આવે. વહેલા ઉઠવામાં જરાપણ આળસ ન કરે. એ માનતા કે આવા સંતના મુખે આવું સુંદર શાસ્ત્ર આપણી જીંદગીમાં સાંભળવા મળે એ તો આપણા મોટા ભાગ્ય હોય તો જ મળે નહિતર ન

(અનુસંધાન પાના નં.૨૪ ઉપર)

????????????????? પ્રશ્નપેટી ?????????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ કયા રાજાની રાણીને એકજ રાતમાં શ્રીજી મહારાજે કયાં પહોંચાડી દીધા હતા ?
પ્રશ્ન : ૨ ઉદ્ધવ સંપ્રદાયના પ્રેરક પૂર્વે કોણ હતા ?
પ્રશ્ન : ૩ સાત ચિરંજીવીના નામ જણાવો ?
પ્રશ્ન : ૪ ચાર સનકાદિકોના નામ જણાવો ?
પ્રશ્ન : ૫ દશ અદ્રવ્ય કોને જાણવા ?
પ્રશ્ન : ૬ અવતારી કોને જાણવા ?
પ્રશ્ન : ૭ સાયંકાળ કોને જાણવો ?

માર્ચ-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) વિ.સં. ૧૮૫૫માં તપસ્વીના વેષે કાંકરિયા સરોવર ઉપર પધાર્યા હતા. (૨) બળોલ ગામમાં થયો હતો. (મૂળીદેશ- તા. લીંબડી, જી. સુરેન્દ્રનગર). (૩) જેતલપુર-વડતાલ. (૪) હોજકુતુબી હતું. (કુતુબનોહોજ). (૫) દૈત્યગુરુ વિશ્વરૂપને ગુરુ બનાવ્યા. ઈન્દ્રે તેમનો વધ કર્યો. ઈન્દ્રે બ્રહ્મહત્યાના ચાર ભાગ કર્યા (૧. પૃથ્વી, ૨. જળ, ૩. વૃક્ષ, ૪. સ્ત્રીઓ.) (૬) આદરજ ગામમાં ૧. સ.ગુ. મુક્તાનંદ સ્વામી, ૨. સ.ગુ. નિત્યાનંદ સ્વામી, ૩. સ.ગુ. બ્રહ્માનંદસ્વામી, ૪. સ.ગુ. શામળીયા ચૈતન્યાનંદ સ્વામી. (૭) ઈડર ગામના રાજાએ, ગુરુચરણરતાનંદ સ્વામીએ કંઠી બાંધી હતી.

૧. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૨. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૪. સાં. કોકીલાબા શિષ્ય મંડળ (સુરેન્દ્રનગર)
૫. પટેલ ગીતાબેન બળદેવભાઈ (સુરેન્દ્રનગર)
૬. પટેલ જયેશ પી. (ટર્ફ સ્કુલ)
૭. પટેલ પિનાબેન હિરેનભાઈ (અમદાવાદ)
૮. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડિયા)
૯. વિણાબેન રતીલાલ ભાવસાર (અમદાવાદ)
૧૦. ગોરધનભાઈ આર. વાઘેલા (જામસર)
૧૧. શિંગાળા ગીતાબેન રમેશભાઈ (બાપુનગર)
૧૨. સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૧૩. કાછડિયા રાધીકા (અડતાળા)
૧૪. શ્રી સ્વામિનારાણ મંદિર બહેનોનું (મોખાસણ)
૧૫. ઉર્મિલાબેન, કલ્પનાબેન (નવા વાડજ)
૧૬. મહિલા મંડળ (નવા વાડજ)
૧૭. સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૧૮. વિમળાબેન કનુભાઈ (કનીપુર)
૧૯. સુભદ્રાબેન રમેશભાઈ (કનીપુર)
૨૦. કંચનબેન બાબુભાઈ (રતનપર - મૂળી)
૨૧. સાં.યો. કંચનબા, સાં.યો. કુન્દનબા (મેડા-કડી)
૨૨. પૂજારી જગદીશ ભગત (મોખાસણ)
૨૩. કોઠારી હિતલ રમેશભાઈ (મેમનગર)
૨૪. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૨૫. અમૃતલાલ કે. મોદી (હિંમતનગર)

નોંધ : પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

શ્રી સ્વામિનારાયણ મંદિર અલ્હાબાદ (પ્રયાગરાજ)
સંપર્ક માટે બદલાયેલ નવો ફોન નં. (૦૫૩૨) ૨૨૫૬૦૩૨ (મો) : ૦૯૪૧૫૩૦૬૮૮૯

।। ભક્તિસુધા ।।

અમદાવાદ મંદિર બહેનોની હવેલીમાં ચૈત્ર સુદ ૧૧ થી દર એકાદશીના સત્સંગ સભા અંગે

પરમ પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી બહેનોને સત્સંગનો વિશેષ લાભ મળે અને યુવા બહેનોમાં સત્સંગની જાગૃતિ આવે તે માટે ચૈત્ર સુદ ૧૧ થી દરેક એકાદશીના બપોરના ૨ થી ૪ દરમ્યાન કથા-વાર્તા-ધૂન-ભજન આદિ કાર્યક્રમ થશે. સૌ બહેનોએ સત્સંગ સભાનો અવશ્ય લાભ લેવો. અમદાવાદ શહેર અને પરા વિસ્તારમાં સત્સંગી બહેનોને આવીજ રીતે સભાનું આયોજન કરવાની ઈચ્છા હોય તેમણે એક માસ અગાઉ હવેલીમાં જે તે વિસ્તારનું પુરૂ સરનામુ, ફોન સાથે લખાવી જવા સૂચન છે.

●

મૂર્તિ

- સાંખ્યયોગી શાંતાબા (હવેલી)

અમદાવાદ

આ બ્રહ્માંડની અર્ધી આવરદાએ સર્વોપરિ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા અને હાલ પ્રતિમા સ્વરૂપે સત્સંગમાં પ્રગટ રહેવાનું શાસ્ત્રમાં લખ્યું છે તે જ મૂર્તિ આપણને મળી છે. જેથી રોકડું કલ્યાણ થાય તેમ છે ને ઉધારની વાત નથી. માટે મૂર્તિમાં અખંડ એકતાર વૃત્તિ જોડી રાખવા માંડીએ તો એની મેળે જ શ્રીહરિની કૃપા થાય ને જરાયે વાર ન લાગે. દેહ છતાં જ કૃતાર્થ થઈ જવાય તેમ છે. નહિ તો લાખો જન્મ આમ તેમ ભટકે, દાખડાને ઉજાગરા કરે, જપ, તપ કરે. હેરાન થાય તોય આજના જેવી પ્રાપ્તિ મળે તેમ નથી. માટે અંતર્વૃતિ કરીને મૂર્તિમાં જોડાઈ જવું. અક્ષરધામની મૂર્તિ અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી. માટે મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ રાખી મૂર્તિમાં મંદિરમાં અને સત્સંગમાં મમત્વ રાખવું. બીજાનો દ્રોહ અપરાધ ન કરવો. આ લોકમાં ઝાઝું રહેવાય તેવું નથી માટે ઝડપથી થાય તેટલી સેવા અને સત્સંગ કરી લેવો. મોટા મોટા મુક્તો ક્રિયા કરતા પણ મટકું મારે તેટલીવાર પણ મૂર્તિ ભૂલતા નહીં. જેમકે દુર્વાષા ઋષિ ગોપીઓના થાળ જમી ગયા તોય ઉપવાસી કહેવાયા. અને યમુનાજી એ માર્ગ આપ્યો. ગોવર્ધનભાઈ દાતણ કર્યા વગર સુતરફેણી શ્રીજી મહારાજની મૂર્તિ ધારી જમવા માંડી. આમ મુક્ત દ્વારા શ્રીજી મહારાજ જમ્યા હતા. કોઈપણ ક્રિયા કરવી તેમાં મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ રાખવો. કોઈપણ સેવા ભજન કીર્તન કરતા, ધૂન કરતા જગતમાંથી વૃતિ ઉખાડી મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવું. શ્રીજી મહારાજ કહે છે કે ભક્તોને માટે જ અમારો દેહ કૃષ્ણાપર્ણ કરી રાખ્યો છે.

●

ચિન્હ તિલ ધ્યાન

- સાંખ્યયોગી સૂરજબા (વાવોલ)

ભગવાનની મૂર્તિના ધ્યાન સ્વાંગ : બાવન ચિન્હ : ૧૬ બન્ને ચરણના ચિન્હ ૧. જમણાં પગનાં અંગુઠામાં શ્યામ ચિન્હ ૨. ડાબાપગના તળિયામાં ડાબી બાજી ૧૦. આંગળી ઉપર રોમના ચિન્હ ૨. ચાખડીના ઘસારાના ૨. આસન ના ઘૂટી ઉપર ૧. જમણા સાથળ ઉપર બહાર ખાંપાનું ચિન્હ ૨. ધોતીના ઘસારાના ૨. ચિન્હ કેડમાં ૧. ઉદરમાં ત્રિવળીનું ૨. હૃદયમાં વત્સનું ૧. છાતીમાં પાંચ તસુ પહોળું શ્યામ ચિન્હ ૨. સ્તન ઉપર બે છાપના ચિન્હ, હાથમાં મૂળથી ત્રણ તસુ નીચે છાપના ૨. ચિન્હ હથેળીના મૂળથી, ત્રણ તસુ ઉંચા બે ચિન્હ ૧. નાસિકા ઉપર શીળીનું ચિન્હ ૧. જમણી પહેલી દાઢમાં ચિન્હ ૧. ભાલમાં જમણી બાજુ વાળની નીચે ચિન્હ ૧. ડાબા કાનમાં ચિન્હ ૧. જીભ ઉપર શ્યામ ચિન્હ કુલ બાવન ચિન્હ સાથે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાથી ખૂબ જ આનંદ થાય છે.

૬૩ તિલ : જમણા પગના અંગૂઠા બહાર ૧. જમણા પગના અંગૂઠા પાસેની આંગળી ઉપર અંગૂઠા બાજુ તિલ ૧. જમણા પગની છેલ્લી આંગળી નખની પાસે તિલ. જમણા પગની ઘૂંટથી પાંચ તસુ ઉપર એક તિલ ડાબા પગની ઘૂંટીથી પાંચ ઉંચે ૧ તિલ તેની ઉપર ૧ એક તિલ, જમણી કુખમાં એક ૧, મોટો તિલ,

નાભિથી જમણી અને ડાબીબાજુ એક એક તીલ - નાભી ઉપર ત્રણ તિલ છે. વચ્ચે ઉપર ૧ તિલ છે. ડાબી કૂખ ઉપર જ તિલની હાર, ડાબી કૂખની બહારની કોરે ઉભા ૪ ચાર તિલની હાર - ડાબી બગલ નીચે ૩ ત્રણ ઉભી તિલની હાર, ડાબી કોરે એક ૧ મોટા તિલ - તેની બે તરુ ઊંચે ૧ એક તિલ છે. ડાબા સ્તન ઉપર ૧ તિલ છે. જમણી ભૂજાની પાસે માંહીલી કોરે ચાર ૪ તિલની ઉભી હાર છે. જમણી ભૂજાની છાપની બહારની કોરેનાના ૪ તિલ છે. જમણા હાથમાં કુણીથી નીચે અને કાંડાની ઉપર બે ૨ તિલ છે. જમણા હાથની ટચલી આંગળીના મૂળ ઉપર એક તિલ, ડાબા હાથ : કૂણી નીચે ઉપર ભાગે ૧ તિલ, હાથની પહેલી બે આંગળી વચ્ચે ૧ તિલ છે. તર્જની આંગળીના નખની માંહીલી કોરે ૧ તિલ છે. પોચા ઉપર ૧ તિલ છે. કંઠ ઉપર ત્રણ ૩ તિલની હાર છે. ડાબા ખભાથી નીચે બે તસુ નીચે વાંસામાં ત્રણ ૩ તિલ છે. કરોડની જમણી કોરે ડોકથી બે તસુ નીચે ૧ તિલ છે. જમણી ખરપડી ઉપર મોટો ૧ તિલ છે. નાસિકા પાસે જમણી કોરે એક મોટો તિલ છે. જમણી આંખના ખૂણામાં ૧ એક તિલ છે. જમણા કાનની બૂટ ઉપર એક મોટો તિલ છે. તાળવા ઉપર એક મોટો તિલ છે. શિખાની આગળ ૧ તિલ છે. શિખાની પાછળ જમણી કોરે ત્રણ તિલ છે. આ રીતે મહારાજના આખા શરીરના (૫૨) ચિન્હ (૬૩) તિલનું ધ્યાન કરવામાં આવે તો વાસનાના મૂળ ઉખડીને નાશ પામે છે. અને અખંડ સ્ફૂર્તિ રહે છે. અને મૂર્તિમાં મન જોડાઈ જાય છે.

●

સહજાનંદી મીરા

સૌરાષ્ટ્રમાં ભેંસજાળ નામનું એક ગામ છે. ત્યાં કરણુભા કરીને સારા હરિભક્ત રહેતા હતા. તેમને એક બહેન હતી. અને તેમનું નામ મીરાબા હતું. નાનાપણથી જ મીરાબા, મીરાબાઈની જેમ ભક્તિરસમાં તળબોળ રહેતા હતા.

સમય જતાં તેમનું વેવિશાળ એક કુસંગી સાથે થયું. કરણુભાને ખબર હતી. છતા પણ સગપણ કર્યું. તેથી બીજા ભક્તોએ કહ્યું : "બાપુ ! મીરાબા તો ભક્ત છે તેથી તેમનું સગપણ કોઈ હરિભક્ત યુવાન સાથે કરવું જોઈએ. વળી શ્રીહરિએ પણ સહુ સત્સંગીઓને કહ્યું છે કે "સત્સંગીની દીકરી લેવી અને સત્સંગીને દીકરી દેવી." માટે આ વેવિશાળ તેઓએ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કર્યું છે." ત્યારે કરણુભા બોલ્યા : "વરરાજા ખૂબ ધનવાન છે, તેમજ મોટા રજવાડાના માલિક છે અને રૂપવાન પણ છે. ફક્ત વ્યસનીજ છે એટલી જ ખામી છે, તે તો મીરા સાસરે જઈને તેને સુધારી દેશે.

આમ જવાબ આપી લગ્નનું નક્કી કર્યું. ને લગ્ન થયા. મીરા બહેન સાસરે આવ્યા, ત્યાં તો દારૂની મહેફીલ જોઈ. મીરાબાઈએ વિચાર કર્યો : અરે ! મારા ભાઈએ આવા ઠેકાણે મને કેમ પરણાવી ? મારા સાસરિયા તો કુસંગી છે." આ રીતે અફસોસ કરતા કરતા શયનખંડમાં ગયા. મોડી રાત્રિએ એમનો પતિ નશાના કેફમાં, હાથમાં દારુની બોટલ લઈને આવ્યો. આવીને મીરા બાઈને કહેવા લાગ્યો "લે... લે.... મીરા ! મારા હાથની પ્રેમની પ્યાલી." મીરાબાઈએ તો સ્પષ્ટ ના કહી દીધી, તેથી પેલાને ક્રોધ ચડ્યો. બસ ત્યારથી બન્નેને અણબનાવ શરૂ થયો. વારંવાર પેલો દારુ પીવા માટે મીરા બહેનને મનાવવા લાગ્યો. છતા ન પીધો એટલે પકડીને પરાણે પાવા ગયો. તુરત મીરા બહેન તેના બાહુપાશમાંથી છટકીને રૂમમાં જતા રહ્યા. તેને અંદરથી બારણું બંધ કરી દીધું. ઘરમાં શ્રીહરિની મૂર્તિ સામું બેસીને પ્રાર્થના કરવા લાગ્યા. અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. આ રીતે સતત ત્રણ દિવસ સુધી અન્ન-જળ લીધા વિના શ્રીહરિની પ્રાર્થના કરી. મીરા બહેનની આટલી બધી દૃઢતા અને ધીરજ જોઈને ભક્તવત્સલ શ્રીહરિ પ્રગટ થયા. અને પ્રેમથી મીરા ઉપર હાથ ફેરવવા લાગ્યા. તેમજ મીરાનું કષ્ટ જોઈને શ્રીહરિની આંખમાં આંસુ આવી ગયા. દિવ્ય ભોજનનો થાળ લાવી શ્રીહરિએ પોતાના હાથથી મીરા બહેનના મુખમાં કોળીયા મૂકી, અતિ પ્રેમથી જમાડ્યા. પછી પૂછ્યું : "હે મીરા ! બોલો તમારી શું ઈચ્છા છે ? હું તમારી ઉપર પ્રસન્ન થયો છું. મારા માટે તમે એટલા બધા દુઃખો સહન કર્યા છે. માટે તમારી ઈચ્છા હોય તે માગી લ્યો." તુરત મીરા બહેને માગ્યું : "હે પ્રભુ ! આ યમપુરી જેવા ઘરમાં રહેવું નથી. માટે તમારા ધામમાં લઈ જાઓ." તુરત ભૌતિક દેહનો ત્યાગ કરાવી દિવ્ય દેહ ધારણ કરાવી શ્રીહરિ અક્ષરધામમાં લઈ ગયા.

ત્યાર પછી શ્રીહરિએ ભેંસજાળ જઈને કરણુભાને રાત્રિએ દર્શન દઈ ક્રોધ કરીને કહ્યું : "હે કરણુભા તમે અહીંયા સુખેથી આરામ કરો છો, પરંતુ તમારી બહેનની શી હાલત થઈ છે તે

જાણો છો ? રજવાડાના લોભથી પરવશ થઈ તમોએ એક દારુડીયા સાથે તમારી બહેનના લગ્ન કર્યા ? તમોને આખા સત્સંગમાંથી કોઈ સત્સંગીનો દીકરો ધ્યાનમાં ન આવ્યો ? શું સત્સંગીઓને દીકરા નથી ? તેઓને છોડીને એક કુસંગીને ઘેર તમારી બહેનને ફેંકી દીધી ? તેની જીંદગીનો વિચાર પણ ન કર્યો ?

આ રીતે ક્રોધાયમાન થઈને શ્રીહરિને બોલતા સાંભળી, કરણુભા આભાજ બની ગયા ! તેથી પ્રભુના પગમાં પડીને માફી માગવા લાગ્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા : તમારી બહેનને હું ધામમાં લઈ ગયો છું. તેથી તેના સસરાને ઘેર જશો નહિ.'' આટલું બોલી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. પછી તો કરણુભાને પારાવાર પસ્તાવો થવા લાગ્યો.

આમ એક સત્સંગી મીરાએ સત્સંગની ટેક ન મૂકી. અંતે મહારાજે સ્વયં પધારીને પોતાના ધામમાં તેડી ગયા.

●

ભગવાનનું મંગલકારી ચરિત્ર

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

આપણા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ મણિયોર ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આર્શીપ્રવચનમાં કહ્યું હતું કે જગતના તમામ સુખોમાં દુઃખ રહેલું છે. જેમ કોઈ મોટી ગાડી હોય તો તેમાં ખર્ચો મોટો હોય. આપણે ટ્રેનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે કોઈ ભાઈની ઓળખાણ થાયને તે ગાંધીનગર સચિવાલયમાં સારી પોસ્ટ ઉપર હોય તો આપણે તેનું એડ્રેસ લઈ લઈએ છીએ. કેમ કે કોઈ વખત કામ લાગે. જ્યારે આજે આ ગામમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી ખૂબ સરસ મંદિર બનાવ્યું છે. તો મહારાજની રોજ ખબર પૂછજો. તે તો મોક્ષના દાતા છે. રાજાધિરાજ છે. હરેક પળે તમારી ખબર રાખશે.

શ્રીજી મહારાજે વચ. પ્રથમના ૭૩માં નિત્યાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે અમારા સ્વભાવને તો જે અતિશે અમારા ભેળા રહ્યા હશે તે જાણે છે. જે છેટે રહે છે તેને અમારો સ્વભાવ જાણ્યામાં આવતો નથી. આ મુંકુંદ બ્રહ્મચારી ભોળા જેવા જણાય છે. તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે કે ''મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે. એમને કોઈ પોતાનું નથી ને કોઈ પારકું નથી.'' એવી રીતે અમારા સ્વભાવને જાણે છે. તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા બ્રહ્મચારીમાં વર્તે છે.

માટે મોટા પુરુષમાં જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તો તે સર્વે દોષ થકી રહિત થાય છે. અને જે મોટા પુરુષમાં દોષ પરઠે છે તો દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. કામાદિક આદિક શત્રુ તેના હૈયામાં આવી નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષ બુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પીડ્યા કરે છે. સત્સંગ કરે તોય દુઃખિયો મટે નહિ.

વચ. પ્ર. ૭૮માં વિદ્યાર્થી સંતો સાથે પ્રશ્ન ઉત્તર કરતાં મોટા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય તે કેમ ઓળખાય ? પછી મહારાજ બોલ્યા ''જેને અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે અને ભગવાન જીતે અથવા હારે અથવા કોઈ ઠેકાણે ભાગે અથવા ક્યારેક રાજી થાય. ક્યારેક શોક કરે, ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે પ્રભુની સર્વે ક્રિયા મંગળકારી છે. તે જ્યારે બોલે ત્યારે એવું ને એવું જ બોલતો હોય તો તેને પરિપક્વ નિશ્ચય વાળો જાણવો.

કાળયવને મથુરાને ઘેરો ઘાલ્યો હતો. શ્રીકૃષ્ણને તેને મારવો હતો પણ તેને મહાદેવજીનું વરદાન હતું. તેથી તે શ્રીકૃષ્ણથી મરી શકે તેમ ન હતો. શ્રીકૃષ્ણે ચરિત્ર કર્યું. પાછું મુખ રાખી, નાસવા લાગ્યા. યોગીઓને પણ દુર્લભ એવા શ્રીકૃષ્ણ પાછળ કાળયવન શ્રીકૃષ્ણને પકડવા માટે દોડવા લાગ્યો. શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરવા લાગ્યો. તેમ છતાં નાસતા નાસતા પર્વતની ગુફામાં પેસી ગયા એટલે યવન પણ તેમની પાછળ ગુફામાં પેઠો. ત્યાં તેણે એક બીજા પુરુષને સૂતેલો જોયો. એટલે નક્કી આ કૃષ્ણ મને અહીં સુધી લાવી પોતે કોઈ સત્પુરુષની પેઠે સૂઈ ગયો છે. એમ તે મૂર્ખાએ પેલા સૂતેલા મનુષ્યને શ્રીકૃષ્ણ માની પગની લાત મારી. એટલે લાંબા કાળથી સૂતેલો તે પુરુષે લાત વાગવાથી જાગી ધીમે ધીમે આંખો ઉઘાડી ચારેબાજુ જોવા લાગ્યો. તો બાજુએ ઉભેલ કાળયવનને તેણે જોયો. તેની નજર પડતાં તેના શરીરમાંથી ઉપજેલા અગ્નિ વડે ક્ષણવારમાં કાળયવન બળીને ભસ્મ થઈ ગયો.

તે બાળનાર બ્રાહ્મણોનો ભક્ત, સત્યપ્રતિજ્ઞાવાળો માંધાતા રાજાનો પુત્ર

મુચુકંદ હતો. પૂર્વે અસુરોથી ત્રાસ પામેલ ઈન્દ્ર વગેરે દેવગણોએ પોતાનું રક્ષણ કરવા મુચુકંદ રાજા પાસે માગણી કરી હતી. તેથી તે રાજાએ ઘણા કાળ સુધી તેઓની રક્ષા કરી હતી. તેથી દેવોએ પ્રસન્ન થઈ તેમને કહ્યું. અમારુ રક્ષણ કરવા રૂપ સંકટથી હવે તમે વિરામ પામો. મનુષ્યલોકમાં નિષ્કંટક રાજ્ય તજી અમારું રક્ષણ કરતાં તમે સર્વે વિષયભોગો છોડ્યા છે. તમારા વખતની પ્રજા, તમારા પુત્રો, રાણીઓ, જ્ઞાતિયો કારભારીઓ, પ્રધાનો તેમાંનું હમણાં કોઈ રહ્યું નથી. તે સર્વેનો કાળે નાશ કર્યો છે. કાળ બળવાનો કરતાં પણ ઘણો બળવાન, અવિનાશી અને સર્વેનો નિયંતા ભગવાન છે. હે રાજા મોક્ષ સિવાય વર માગો. મોક્ષના સ્વામીતો અવિનાશી ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. દેવતાઓએ એમ કહ્યું એટલે પરિશ્રમથી થાકેલા મહા યશસ્વી મુચુકંદ રાજાએ તમોને વંદન કરી આપની પાસેથી નિદ્રા જ માગી ! અને કહ્યું હે ઉત્તમ દેવો મારી નિંદ્રાનો જે ભંગ કરે તે તત્કાળ બળીને ભસ્મ થાય! એ કારણથી કાળયવન ભસ્મ થયો. એટલે શ્રીકૃષ્ણે બુદ્ધિમાન મુચુકંદને દર્શન દીધાં અને કહ્યું તમારા તેજથી આ યવનને બાળ્યો છે. તમારા પર કૃપા કરવા આ ગુફામાં હું આવ્યો છું. પૂર્વે તમે મારી ઘણી આરાધના કરી છે. માટે શરણે આવેલો કોઈ મનુષ્ય ફરી શોક કરવા યોગ્ય નથી. આમ મહાદેવજીનું વરદાન સત્ય કરવા કાળયવનને પોતે માર્યો નહિ એટલે ભગવાન ભાગ્યા અને મુચુકંદને દેવોનું વરદાન સિધ્ધ કરવા મોક્ષ આપ્યો. મહારાજ ગમે તેવી ક્રિયા કરે પણ તે કલ્યાણકારી જ હોય. એમ સમજે તેને અચળ નિષ્ઠા કહેવાય. આવી નિષ્ઠા હોય તે કોઈ કાળે ડગે નહિ.

આદિ મધ્યને અંતમાં જે જે મોટા થયા છે તે પ્રગટ પ્રભુની આજ્ઞાનું પાલન કરવાથી જ. 'મોટા' તો એક પ્રગટ પ્રભુ છે. એમના સ્વરૂપનો આશ્રય જેમ જેમ દૃઢ થાય ને એમની આજ્ઞામાં જેમ જેમ દૃઢતાથી વર્તાય તેમ તેમ પ્રગટ પ્રભુની મોટયપ મુમુક્ષુમાં આવે છે.

આજ્ઞા પાળતા પાળતા જ એ મોટા થયા હોય છે. અને આજ્ઞા પાળીને જ એમણે મોટયપ ટકાવી રાખવાની હોય છે. ગમે તેવો મુક્ત હોય, પરમાત્માની કૃપાથી આવરણ ભેદવાની શક્તિ રૂપ ગમે તેવી મોટયપ એનામાં આવી હોય છતાં પ્રગટ પ્રભુની આજ્ઞાનો લોપ જો એ કરે તો એની મોટપ રહેજ નહિ. ટકે જ નહિ. એ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો.

"મોટા ગણાણા તે માનવું
કર્યું ગમતું જેણે ગોવિંદ તણું
તે વિના મોટપ નવ મળે
ફરી ફરી શું કહીએ ઘણું
(વચનવિધિ કડવું.૩)

●

દૂધ કરતાંય મીઠી છાશ !

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા

ભાડેર નામનું એક નાનકડું ગામ છે. એકવાર મહારાજે ભાડેર ગામમાં પધરામણી કરી. ગામમાં પાતલભાઈ નામના અતિશય પ્રેમી હરિભક્ત રહે. એમના પત્ની પણ શ્રીજી મહારાજને વિષે ઉત્કંઠ નિષ્ઠા ધરાવે. બંનેનો મહારાજને વિષે બહુ ભાવ. તેમને થયું : "મહારાજ અહીં આપણા ગામમાં પધાર્યા. મોટા મોટા કાઠી-ગરાશિયાને ઘેર ઊતર્યા છે. આપણા એવા ભાગ્ય ક્યાંથી હોય કે મહારાજ આપણે ત્યાં પધારે !"

ત્યાં તો બીજે દિવસે ચઢતા પહોરે મહારાજ પાતલભાઈને ઘેર જઈ પહોંચ્યા. અંધારિયું ઘર પણ ઓશરીમાં આછું અજવાળું ખરું. મહારાજને જોઈ પાતલભાઈ અને એમનાં ઘરવાળાં તો હરખઘેલા થઈ ગયા. ખાટલો ઢાળી, ગોદડું પાથરી મહારાજને બેસાડ્યાં. પાતલભાઈનાં પત્ની રસોડામાંથી દૂધનું બોઘરણું લઈ મહારાજ પાસે ઓશરીમાં આવ્યાં.

પવાલામાં દૂધ કાઢી મહારાજ સામે ધર્યું. પીતાં પીતાં મહારાજ કહે, "આ દૂધ તો બહું ગળ્યું છે. મહીં સાકર નાંખી છે કે શું ? કે પછી પારઠ ભેંશનું દૂધ છે ? લાવો ફરી પવાલું ભરી આપો. અમને ભૂખ ઊઘડી છે !"

"ના રે મહારાજ, આ તો આપણી ઘરની ભેંશનું દૂધ છે. લો ધરાઈને પીવો", કહેતાં પાતલભાઈના ઘરવાળાં એ ફરીથી પવાલું ભરી દીધું.

મહારાજે ત્રણ વાર માંગીને પીધું, બોઘરણું ખાલી થઈ ગયું. મહારાજે તૃપ્તિનો ઓડકાર ખાધો. પતિ-પત્ની બહુ રાજી થયા.

હવે એમના પત્ની બીજા હરિભક્તો માટે અંદર છાશ લેવા ગયાં. છાશનું બોઘરણું ઉઘાડીને જોયું તો તે બોઘરણામાં દૂધ હતું. તેમને ખબર પડી કે અંધારામાં મહારાજને ભૂલથી છાશ પાઈ દીધી છે. અને દૂધ તો અહીં એમનું એમ પડ્યું છે ! તેમને બહુ દુઃખ થયું. તેઓ પસ્તાવો કરવા લાગ્યા. બહાર આવીને તેમણે રોતાં રોતાં મહારાજની માફી માગી.

"અરે મેં ગાંડીએ ભૂલથી છાશ

પાઈ દીધી છે. દૂધ તો અંદર રહી ગયું છે. અમારો અપરાધ માફ કરો મહારાજ !"

મહારાજ મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા : "દુઃખ ન લગાડશો, એ તો દૂધ જ હતું. તમે આવા અતિશય હેત અને ભાવથી છાશ પાઈ, પણ અમને તો એ દૂધ કરતાં પણ વધુ મીઠી લાગી છે. અમને તો ભાવથી પીરસેલું બધું જ મીઠું લાગે. માટે કોઈ દુઃખ ના લગાડશો."

એમ આશ્વાસન આપી મહારાજે બંન્નેને આશીર્વાદ આપ્યા.

પતિ-પત્ની બંને મહારાજને પગે લાગ્યાં અને કહેવા લાગ્યા : બસ મહારાજ ! અંતકાળે આપ આવાને આવા સ્વરૂપે દર્શન આપી તેડવા અચૂક આવજો."

સંસાર વ્યવહારે ગરીબ હતાં છતાં દુન્યવી કશો જ પદાર્થ માગ્યો નહી અને મોક્ષ માંગી લીધો ! મહારાજ પણ બંન્નેની આવી ઉમદા દ્રષ્ટિ થી અતિશય રાજી થયાં અને 'તથાસ્તુ' કહી ફરીથી આશીર્વાદ આપ્યા.

આ રીતે બંનેને રાજી કરી મહારાજ મોડ ગામ જવા નીકળ્યા.

ઓશરીએ ઉભા રહી બંને જણ મહારાજના મનોહર સ્વરૂપને અંતરમાં ઉતારતા રહ્યાં ઉતારતા જ રહ્યા ! જ્યાં સુધી એ શ્વેત છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી મૂર્તિને નિહાળતાં રહ્યા.

મહારાજ ઓજલ થયાં એટલે ઘરમાં આવ્યા. બંન્નેના અંતરમાં આજે મહારાજે અલૌકિક અહો અહોપણું છલકાવી દીધેલું !

સત્સંગ બાલવાટિકા અનુસંધાન પાનાનં ૧૮નું ચાલુ

મળે. ધ્યાન દઈને કથા સાંભળતા.

એક દિવસની ઘટના છે. આ શેઠ રોજના ક્રમ પ્રમાણે સવારે કથા સાંભળવા આવ્યા. ત્યારે આ સંતે કથાના પ્રસંગ અનુસાર વાત કરી કે શાસ્ત્રોમાં કહેલી બધી શિખામણો લાખ લાખ રૂપિયા જેટલી કિંમતી હોય છે. એમાંની આ એક શિખામણ યાદ રાખજો. "ક્યારેય પણ એકલા મુસાફરી ન કરવી. ક્યારેય પણ એકલા પંથ કાપવો નહિ." શેઠને શંકા થઈ કે આ શિખામણ ક્યાં કંઈ લાખ રૂપિયા જેટલી કિંમતી છે. અમારે તો ધંધા, કામકાજ અર્થે ગમે ત્યાં ગમે ત્યારે એકલા જવું પડતું હોય છે. આપણને ક્યાં કંઈ વાંધો આવે છે. છતાં આજે સાંભળ્યું છે કે એકલા મુસાફરી ન કરવી. તો જોઈએ સાથે કોને લઈ જવા. શેઠ ઘરે આવી પોતાના કામકાજનું વિચારવા લાગ્યા. આજે ક્યાં જવાનું છે. ક્યા વેપારીને ત્યાં ઉઘરાણી કરવાની છે. એ બધું જોઈ અને પછી ચાલવા માંડ્યા. સાથે ભાતું લીધું છે. પણ આ શેઠ ચાલતા ચાલતા વિચાર કરે છે કે સવારે કથામાં વાત આવી હતી કે ક્યારે પણ એકલા મુસાફરી ન કરવી. પણ કોઈ મળે તો સાથે લઈ જાઉને ? એમ વિચારતા વિચારતા શેઠ થોડું આગળ ચાલ્યા ત્યાં તેમની નજર એક શેળવા ઉપર પડી. શેઠે આ શેળવાને જોઈ તેને પોતાની થેલીમાં મૂકી દીધો. હવે કથામાં સાંભળ્યું તેમ એકલા મુસાફરી ન કરવી માટે આ શેળવાને સાથે લઈને જાઉં. આ શેઠ આગળ વધ્યા. રસ્તામાં એક સરસ ઘટાદાર પીપળાનું વૃક્ષ આવ્યું ત્યાં બેસી આ શેઠે આરામ કરવાનું વિચાર્યું. થોડો આરામ અહીં કરી લઉં પછી આગળ જઈને કોઈ ગામ આવે ત્યારે ગામને કૂવે ભાતું જમીશ. પીપળાની સુંદર છાયામાં આ શેઠને શાંતિથી નિદ્રા આવી ગઈ. ત્યાં શેઠની થેલીમાંથી શેળવો બહાર નીકળી જાય છે. એ જ સમયે આ પીપળાના વૃક્ષ નીચે પીપળાના પોલાણમાં સર્પે રહેઠાણ બનાવેલું. આ શેઠને પડખા ફરતા જોઈ સર્પ ગભરાયો કે આ હમણા મને દબાવી દેશે. બધા જાણે સર્પ એટલે ક્રોધનો અવતાર. સર્પ જ્યાં આ શેઠની નજીક જાય છે ત્યાં તો શેળવાએ સર્પની પૂંછડી મોઢામાં લઈને દાબી. સર્પે તરત જ ફણા ઊંચી કરીને દંશ દે છે. ત્યાં તો શેળવાના તીક્ષ્ણ કાંટાથી સર્પનું મોં છોલાઈ જાય છે ત્યાં ને ત્યાં સર્પનું મૃત્યુ થઈ જાય છે. જ્યારે આ શેઠ જાગીને જુએ છે અરર ! આ તો મારી જીંદગી બચી ગઈ. ખરેખર કથાનું આ વાક્ય શિખામણ સ્વામીજી એ તો લાખ રૂપિયાની કહી. પણ મારે માટે તો કરોડથી એ અધિક થઈ. જો શ્રધ્ધાથી વિશ્વાસથી શાસ્ત્રની વાતને અમલમાં મૂકી તો જીંદગી બચી ગઈ.

વ્હાલા ભક્તો ! આપણા સુખ માટે સ્વામિનારાયણ ભગવાને લખેલ શિક્ષાપત્રી તથા સત્સંગિ જીવન, સત્સંગિભૂષણ, વચનામૃત વગેરે શાસ્ત્રોમાં ભગવાને કરેલી જે આજ્ઞાઓ અને શિખામણો છે એનું શ્રધ્ધાથી શ્રવણ કરીશું અને અમલમાં મૂકીશું તો જરૂર જરૂર સુખી થવાશે.

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણ જયંતી ધામધુમથી ઉજવાઈ

ભરતખંડના રાજાધિરાજ સર્વોપરિ શ્રીનરનારાયણદેવની જન્મ જયંતી ફાગણ સુદ-૧ તા. ૧૫-૩-૦૬ બુધવારના બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં મહામુલા રંગબેરંગી સુગંધીદાર ફુલથી રચિત સુંદર ફુલના હીંડોળામાં ઝૂલતા રંગ રસરાજ પરમાત્મા શ્રી નરનારાયણદેવના અર્ચા સ્વરૂપની મહા આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઉતારીને રંગોત્સવના કીર્તનોનું ગાન કરતા ઉચ્છવીયા ભકતો અને સંતો તથા યજમાનશ્રી તથા દર્શનાર્થી હજારો હરિભક્તો ઉપર ખોબે ધોબે ગુલાલની ઝડી વરસાવીને દિવ્ય લાભ આપ્યો હતો.

. ત્યારબાદ શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં મંદિરના વિશાળ ચોકમાં ટ્રેકટર ઉપર સુશોભન કરીને મોટા મોટા કેસુડાના રંગના પીપ તૈયાર કરેલા. તે સુંદર અલૌકિક રંગથી પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રીહરિના સૌ આશ્રિતોને સતત એક કલાક પર્યન્ત રંગની પિચકારી વડે ચોતરફ કેસુડાના સુગંધીત રંગથી સૌને ભીંજવી દીધા હતા. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને સંત-મંડળ અને હજુરી પાળાઓ અને ફુલદોલોત્સવના યજમાન પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ અને પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (કમિટિ મેમ્બરશ્રી) પરિવારે આ ઉત્સવમાં દિવ્ય લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું. પ.પૂ. લાલજી મહારાજ સાક્ષાત્ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના સ્વરૂપ સમા દિવ્ય લાગતા હતા. સુંદર શ્વેત સાફો અને શ્વેત વસ્ત્ર પરિધાનમાં તેમના દર્શન જે જીવાત્માએ કર્યા તે સૌ ખરેખર ધન્ય અને ભાગ્યશાળી બની ગયા. પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી પુષ્પદોલોત્સવ પ્રસંગનું આયોજન ખૂબજ સુંદર હતું. આ પ્રસંગમાં શા. ગોલોક સ્વામી, શા.સ્વા. સત્યપ્રકાશદાસજી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રશંસનીય હતી.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ બાલસ્વરૂપ કષ્ટભંજનદેવ પાટોત્સવ અને શહેર ચોર્યાસી ઉત્સવ ધામધુમથી ઉજવાયા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક જીવાત્માના ઉદ્ધાર અને કલ્યાણ માટે સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજના શ્રીનગર અમદાવાદ મધ્યે ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવને બાથમા લઈ પધરાવ્યા અને કાંકરિયાની પાળે ફાગણ સુદ-પના શહેર ચોર્યાસી કરીને લાખો બ્રાહ્મણોને જમાડીને દક્ષિણા આપી તૃપ્ત કર્યા હતા.

આ દિવ્ય અલૌકિક તીર્થસ્થળ ઉપર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞાથી છત્રી બનાવીને ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા તથા ફાગણ સુદ-પના બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવ પધરાવીને સ્વહસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આ તીર્થોત્તમ સ્થળ ઉપર હાલ શિખરબધ્ધ મંદિર છે. પરંતુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ત્રણ શિખરનું શિલ્પ સ્થાપત્યનું બેનમુન પથ્થર થી સુશોભીત મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રેના મહંત સ્વામી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને બાલસ્વરૂપ કષ્ટ ભંજન દેવનો પાટોત્સવ તથા ભવ્ય ચોર્યાસી ઉત્સવનું આયોજન તા. ૪-૩-૦૬ ફાગણ સુદ-પના રોજ ધામધુમથી સંપન્ન થયેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નવ નિર્મિત મંદિરમાં મહાવિષ્ણુયાગ અને સવારે ઠાકોરજીને મહાઅભિષેક તથા બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર રીતે ધામધુમથી સંપન્ન થયેલ. ત્યારબાદ ઠાકોરજીની શણગાર અને અન્નકૂટ આરતી પૂ. મહારાજશ્રીએ ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં ઉત્સવના યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મહંત સ્વામી અને હરિભક્તોના અતિ આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ. મોટા મહારાજશ્રી અત્રે ખાસ પધાર્યા હતા અને મહંત સ્વામી અને હરિભક્તોએ ખૂબજ શ્રધ્ધા ભાવથી ઉષ્માભર્યું સ્વાગત પૂજન કર્યું હતું. સભામાં તેઓશ્રીએ સૌને અલૌકિક આશીર્વાદ પાઠવ્યા હતા. વિવિધ ધામોના સંતોએ પણ અત્રે પધારીને પ્રેરક આશીર્વચન પાઠવ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સંતો અને હરિભક્તોને એક સાથે ત્રણ પ્રસંગો ઉજવવા માટે ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. છેલ્લે ચોર્યાસી ઉત્સવમાં સંતો તથા ભૂદેવોને પંક્તિમાં લાડવાનો પ્રસાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં પિરસીને ભક્તોને અલૌકિક સુખ આપ્યું હતું.

આ પ્રસંગે પૂજારી દેવસ્વામીએ ઠાકોરજીના શૃંગાર દર્શન અદ્‌ભૂત કરાવ્યા હતા. અન્ય સેવામાં શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસ, સાધુ સ્વયંપ્રકાશદાસ, પાળા નરોત્તમ ભગત અને સહયોગી સંત-મંડળ અને હરિભક્તોએ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને રસોડામાં કાંકરિયા, મણીનગરના બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. ૨૦ થી ૨૫ હજાર ભક્તોએ ને ૩૦૦ ઉપરાંત ભૂદેવોએ પ્રસાદ લઈ તૃપ્ત થયા હતા. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાંકરિયા)*

ખાણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૫મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સંપ્રદાયના શીઘ્રકવિ શ્રીહરિના સખા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મસ્થાન ખાણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા

મહારાજશ્રી, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામી કૃષ્ણચરણદાસજીની દિવ્ય પ્રેરણા તથા સ.ગુ. માજી મહંત સ્વામી બાળકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી બળદેવપ્રસાદદાસજી (મૂળી)ના માર્ગદર્શનથી મુંબઈના હાલાર નિવાસી મહિલા ભક્તિ મંડળ તરફથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૮મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી (મૂળી મંદિરના મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થઈ હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રી રાજા આદિ ધર્મકુળ પરિવાર તા. ૫-૩-૦૬ના રાત્રે પધાર્યા ત્યારે મહંત સ્વામી ઓમપ્રકાશદાસજી અને સંત-મંડળ અને હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત કર્યું હતું. ફાગણ સુદ-૭ તા. ૬-૩-૦૬ના રોજ સવારના બ્રાહ્મમૂહુર્તમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર રીતે સંપન્ન થયો હતો. સંપૂર્ણ વિધિ મૂળીના ગોર શાસ્ત્રી જીતુભાઈએ કરાવી હતી. પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ કથાની પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યારબાદ સંત-હરિભક્તોના પ્રવચન અને છેલ્લે શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોના રૂડા આશીર્વાદ સૌને મળ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી છપૈયાપ્રસાદદાસજી (મૂળી)એ સંભાળ્યુ હતું આ પ્રસંગે પાટોત્સવના મુખ્ય યજમાન હાલારી મહિલા ભક્તિ મંડળ-મુંબઈ, કથાના મુખ્ય યજમાન સવિતાબેન રવજીભાઈ નાનજીભાઈ વરૂ (જીરાગઢવાળા - મુંબઈ) મંદિરના કલરકામના યજમાન કાનજીભાઈ હરજીભાઈ નાથાભાઈ વરસાણી સુપુત્રો ભાણાભાઈ, પરબતભાઈ અને પ્રકાશભાઈ (સામત્રા કચ્છ) આદિ હરિભક્તોએ લાભ લીધો હતો.

મહંત સ્વામી ઓમપ્રકાશદાસજી સાથે સેવામાં કોઠારી જે.પી. સ્વામી, ધર્મપ્રિયદાસ સ્વામી, અનિરુધ્ધ સ્વામી, શ્રીપ્રકાશ સ્વામી, પાર્ષદ કોઠારી ઉત્સાહી શ્રધ્ધાળુ ચંદુ ભગત, વિક્રમ ભગત અને ધર્મેશ ભગતની સેવા પ્રેરણારૂપ હતી.

બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાએ પધારીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(કોઠારી ભાનુ સ્વામી મૂળી)*

કુબડથલ ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ તાબાના દશકોશીના કુબડથલ ગામમાં ૧૦૦ વર્ષનું જુનું મંદિર જિર્ણ થતા આજથી પાંચ વર્ષ પહેલા નૂતન મંદિરનો શિલાન્સાય વિધિ સંપન્ન થયેલ. અત્રેના ગામના નિષ્ઠાવાન હરિભક્તોના સેવા-ઉત્સાહથી તથા તન, મન અને ધનના સહયોગથી સર્વોપરિ ભગવાનનું સર્વોપરિ મંદિર નિર્માણ કરવાની ભાવનાથી નવ્ય ભવ્ય શિખરબધ્ધ શિલ્પ શાસ્ત્રનુંસાર સુંદર કલાકૃતિ નકશીથી ભરપુર ઉચ્ચ કોટિના પથ્થર અને મારબલથી તૈયાર કરવામાં આવ્યું. આપણા હરિમંદિરોની શ્રેણીમાં શિખરબધ્ધ મંદિર સંપ્રદાયમાં સૌ પ્રથમ નિર્માણ થયું છે. તમામ પ્રકારની સજાવટથી સંપન્ન મંદિરમાં તા. ૨૩-૨-૦૬ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૯ થી ૨૩ ફેબ્રુ.-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી, જેતલપુર)ના વક્તાપદે ધામધુમથી સંપન્ન થઈ હતી. ૨૧ થી ૨૩ મહા વિષ્ણુયાગ રાખવામાં આવેલ. પાંચ દિવસ પર્યન્ત રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમો સુંદર રીતે થયા હતા.

તા. ૨૩-૨-૦૬ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી હનુમાનજી, શ્રી ગણપતિદેવની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થઈ હતી.

આ પ્રસંગમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી હરિભક્તોના આમંત્રણથી ખાસ પધાર્યા હતા. કુબડથલ ગામના તથા બહાર વસતા હરિભક્તોના સહયોગથી યુવકોએ મહોત્સવની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિર નિર્માણ અને મહોત્સવમાં સેવા આપનાર દાતાઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવ દરમ્યાન વિવિધ ધામોના મહંતો-સંતો પધાર્યા હતા. નયનરમ્ય આકર્ષક દેદિપ્યમાન મંદિર નિહાળીને હરિભક્તો પણ પ્રસન્ન થતા હતા.

કુબડથલ ગામના આગેવાન હરિભક્તોની સંપ્રદાયમાં મોટી સેવા છે તેમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમા કહ્યું હતું.

કલોલી (જેતલપુરદેશ)માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પ્રથમ આગમન

જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના તાબાના કલોલી (જી. ખેડા) ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ સુદ-૧ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ગાદી પર આરુઢ થયા બાદ સૌ પ્રથમવાર કલોલી ગામના હરિભક્તોને રાજી કરવા અત્રે પધાર્યા હતા. સૌ પ્રથમ ગામમાં પધારતા પહેલા રસ્તામાં આવતા શ્રી રાધાકૃષ્ણ મંદિર અને

રતનેશ્વર મહાદેવના દર્શન કરી ને સીધા શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા હતા. અને શ્રીહરિની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં જેતલપુરથી પધારેલા શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને શા. હરિઊઁ સ્વામી, ઘનશ્યામ સ્વામી આદિ સંતોએ પ્રસંગોચિત પ્રવચન કરીને સુંદર લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને ૪૧ જેટલા મુમુક્ષુઓના ઘેર પધરામણી કરીને ઘરને તીર્થરૂપ બનાવ્યા હતા. આજુબાજુના નાયકા, શ્રીજીપુરા અને વડાલા આદિ ગામોના હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. પ.ભ. કનુભાઈ ઠક્કર, પ.ભ. પ્રહલાદભાઈ, જયંતીભાઈ તથા ઘનશ્યામભાઈ ઠક્કર આદિ હરિભક્તોએ સેવાનો લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર

(નિવનિર્મિતિ)

બિંદુ સરોવરના રમણીય કિનારે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરણોથી અનંતવાર પ્રસાદીભૂત થયેલ દિવ્યતમ તીર્થ સિધ્ધપુરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે હાઈવે પર નૂતન શિખર બધ્ધ મંદિરનું ખાતમુહૂર્ત સંપન્ન થયેલ. જે મંદિર પૂર્ણ થવાના આરે છે. આ મહામંદિરમાં તા. ૨૭-૨-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે માતૃશ્રાધ્ધ યાત્રિક ભૂવન અને સંત નિવાસનું ખાત મુહૂર્ત વિધિસર રીતે સંપન્ન થયું હતું.

લાલ પથ્થરનું દેદિપ્યમાન મંદિર નિહાળીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા મહંતશ્રી)એ આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણની કથા કરીને હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો હતો. સમગ્ર આયોજન શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કર્યું હતું.

ઈટાદરા

ઈટાદરા શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પાટોત્સવના યજમાન પ.ભ. નટવરલાલ જોઈતારામ પરિવાર તરફથી તા. ૧૬-૨-૦૬ થી ૧૮-૨-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક પારાયણ તેમજ ઠાકોરજીને અભિષેક-અન્નકૂટ કરવામાં આવેલ. કથાનું રસપાન શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ કરાવ્યું હતું. અ.નિ. જોઈતારામ બાપાના સ્મરણાર્થે આયોજીત કથા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૬-૨-૦૬ના રોજ પધાર્યા ત્યારે ગ્રામજનોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત પૂજન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પધારીને ઠાકોરજીની આરતી ઉતારીને સૌને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગ સમસ્તને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસ (ટોરડા મહંતશ્રી)ની પ્રેરણાથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી, શા. છપૈયાપ્રસાદદાસજી અને પૂજારી અભિષેકપ્રસાદદાસે રાત્રી કથા કરી હતી.

વિસનગર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનીઆજ્ઞા-આશીર્વાદથી તા. ૧૦-૨-૦૬ના રોજ ઉપમો પાટોત્સવ ઉજવવામાં આવેલ. યજમાન પદનો લાભ પા. બાબુ ભગતે લીધો હતો. શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ સ.ગુ. શા. છપૈયાપ્રસાદદાસજીના વક્તા પદે થઈ હતી. હરિભક્તોએ દેવદર્શન અને કથાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. *(હાર્દિક ભગત)*

શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા

શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (સોનીવાડા)માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહાવદ-૪ તા. ૧૭-૨-૦૬ શુક્રવારના મંદિરનો ૯ મો પાટોત્સવ શ્રી ગોરધનભાઈ એમ. સુથાર તથા ધર્મેશભાઈ સુથાર તરફથી ઉજવાયો હતો. પ.ભ. શ્રેયસભાઈ કાંતિલાલ મહેતા તરફથી પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ

'શ્રી સ્વામિનારાયણ' અંકના સુજ્ઞ-વ્હાલા સભ્યો-વાચકોને જણાવવાનું જે : આપણો "શ્રી સ્વામિનારાયણ" અંક દર માસની ૧૧ તારીખે **P.S.O.** સરસપુરથી નિયમિત એક સાથે દેશ-વિદેશના તમામ સભ્યોને મેઈલ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો પોતાની સ્થાનિક પોસ્ટમાં અથવા જ્યાં સોર્ટિંગ થતું હોય ત્યાં તપાસ કરાવવી. આપણા મંદિરથી દરેકના સરનામાં કોમ્પ્યુટરમાં ખૂબજ ચોક્કસાઈ અને ચિવટથી કંપોઝ થાય છે. અને તે જ રીતે પ્લાસ્ટીક બેગમાં પોસ્ટ કરીને મેઈલ કરવામાં આવે છે.

કોઈપણ સભ્યને અંક ન મળ્યો હોય તો કાર્યાલયમાં જે તે માસના અંક સ્ટોકમાં હશે તો આપને જરૂર મળશે.

ઉવારસદમાં પ્રસાદીની છત્રી

સર્વોપરિ શ્રીહરિએ દંઢાવ્ય પ્રદેશમાં વિચરણ કરતા કરતા આ ગામને પણ અતિ પાવન કરી દિવ્ય બનાવ્યું હતું. જેની લીલા સંપ્રદાયના શાસ્ત્રોમાં સુંદર રીતે વર્ણવી છે. આ દિવ્ય અલૌકિક સ્થળ પર તા. ૧૨-૩-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રસાદીની છત્રી અને ચરણારવિંદનું વિધિવત રીતે ઉદ્ઘાટન કરીને ગામના સૌ હરિભક્તો અને યજમાન પરિવાર પ.ભ. કનુભાઈ છબાભાઈ પટેલને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે શા. ઘનશ્યામ સ્વામી, શા. સત્યપ્રકાશ સ્વામી, શા. વિજયપ્રકાશ સ્વામી, નિલકંઠ સ્વામી અને રામસ્વામી વગેરે સંતોએ પણ દંઢાવ્ય પ્રદેશની લીલા અને ગામમાં મહારાજની લીલાને યાદ કરી હતી. ભોજન પ્રસાદમાં પ.ભ. મહેન્દ્રભાઈ પટેલે સેવા સ્વીકારી હતી. બન્ને મંદિરમાં પ.પૂ. મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારવા

પધાર્યા હતા. આયોજન પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ દ્વારા થયું હતું.

(કોઠારી બાબુભાઈ)

મણીયોર (ઈંડર દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે

અત્રે મણીયોર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીમદ્ ભાગવત સપ્તાહના યજમાન પ.ભ. ડી.કે. પટેલ, પ.ભ. મોહનભાઈ ડી. પટેલ અને સિંહાસનના યજમાન પ.ભ. પુંજીબેન પટેલ અને પૂ. મહારાજશ્રીના ઉતારાના યજમાન પ.ભ. શામળભાઈ કલાભાઈ રહ્યા હતા. સૌ યજમાનો અને હરિભક્તો ઉપર પૂ. મહારાજશ્રી અતિ પ્રસન્ન અને રાજી થયા હતા.

થુરાવાસ (ઈંડરદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રજત જયંતી મહોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈંડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી થુરાવાસ મંદિરના રજત જયંતી પ્રસંગે ત્રિદિનાત્મક વિષ્ણુયાગ, કથાવાર્તા વગેરે પ્રસંગો- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધુમથી સંપન્ન થયા હતા. તા. ૨૫-૨-૦૬ના પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિ-અન્નકૂટ આરતી વગેરે પ્રસંગો સુંદર રીતે સંપન્ન થયા હતા. હિંમતનગર મંદિરના મહંત સ્વામી, પ્રાંતીજ, સાપાવાડા, લેઈ, અમદાવાદ, મૂળી અને મહુન્દ્રાથી સંતોએ પધારી પ્રેરક વાણીનો લાભ આપેલ. સમસ્ત ગ્રામજનો અને યજમાન પરિવારોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ દર્શન-આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું.

(કોઠારી સત્યસંકલ્પદાસ, ઈંડર)

સાયોદર મંદિરમાં ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહાાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈંડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે ઈંડર દેશના સાયોદર ગામમાં શેઠ શ્રી માધવભાઈ કરશનભાઈ પટેલના ધર્મપત્નિ દિવાળીબાના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત કથા શા.સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી.

પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી ગામના હરિભક્તો અને યજમાન પરિવારના શ્રી હરિશભાઈ તથા બિપીનભાઈને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સભા સંચાલન શા. આનંદજીવનદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

(કોઠારી સત્યસંકલ્પદાસ, ઈંડર)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી

મુળી ગામના પ.ભ. હર્ષદભાઈ ખત્રી (તબલાવાદક)ના ઘરે તા. ૮-૨-૦૬ના રોજ ચિ. કૃષ્ણના જન્મદિવસ નિમિતે સુંદર સત્સંગ સભા રાખવામાં આવી હતી. મંદિરથી મહંતશ્રી જ્ઞાનવલ્લભ સ્વામી, પૂ. ઉત્તમ સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

યુવાન સંત-પાર્ષદોએ સુંદર કીર્તન ભક્તિ કરી હતી. તથા સંતોએ સત્સંગની વાતો કરીને ચિ. કૃષ્ણને આશિર્વાદ પાઠવ્યા હતા. સભાના અંતે સૌ સંતો ભક્તોને સુંદર પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. *(હર્ષદભાઈ, મુળી)*

સુરેન્દ્રનગર મંદિરમાં સત્સંગ પ્રવૃતિ

મુળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના નવનિર્મિત શિખરબધ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પછી સારાયે સત્સંગમાં એક નવો ઉત્સાહ આવી ગયો છે. દરરોજ મંગળા આરતી, શણગાર આરતી, રાજભોગ આરતી ઉત્થાપન, સંધ્યા આરતી અને શયન આરતીમાં ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો દર્શન, પ્રદિક્ષણા અને કથાવાર્તાનો લાભ લે છે. સત્સંગ સભા તથા અવનવા ઉત્સવથી હરિભક્તો ખૂબ આનંદિત થાય છે. પૂ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજી, કોઠારી કૃષ્ણવલ્લભ સ્વામી, પ્રેમવલ્લભ સ્વામી સુંદર પ્રવૃતિ કરે છે.

પુજારી વિશ્વસ્વરૂપ સ્વામી, શાંતિપ્રકાશ સ્વામી, સત્યસ્વરૂપ સ્વામી ઠાકોરજીને સુંદર શણગાર ધારણ કરાવીને હરિભક્તોને રાજી કરે છે. બહેનોના વિભાગમાં સાં.યો. કમળાબાનું મંડળ બહેનોને સત્સંગનું બળ પુરુ પાડે છે. આમ શિખરબધ મંદિરના નિર્માણથી સમસ્ત સત્સંગમાં અનેરો ઉત્સાહ આવી ગયો છે. *(સત્યપ્રકાશ સ્વામી, મુળી)*

ખેરવા (જતના)

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ખેરવા ગામે સુંદર સત્સંગ સભામાં સાધુ ભજનપ્રકાશદાસ, સાધુ દિવ્યસ્વરૂપદાસ અને સાધુ ભક્તિહરિદાસ આદિ સંત મંડળે સભામાં વચનામૃત કીર્તન-ભક્તિ વગેરે કાર્યક્રમ કરી હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો હતો. *(પટેલ અમૃતલાલ, લખતર)*

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (U.S.A.)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને કોલોનીયા મંદિરની કમિટિ તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી વસંતપંચમી-શિક્ષાપત્રી જયંતીના શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કરીને ધામધુમથી ઉજવ્યા હતા. શાકોત્સવમાં પણ ખરેખર ક્યારેય ન મળ્યો હોય તેવો અદ્ભૂત લાભ સૌને મળ્યો. અને સ્વાદ પણ કોઈ બ્રહ્માંડમાં ન હોય તેવો હતો. મહંત સ્વામીએ અથાગ પરિશ્રમ કરી હરિભક્તોના સહકારથી શાકોત્સવ ધામધુમથી ઉજવ્યો અને મહંતશ્રી દેવ સ્વામીએ શાકોત્સવનું માહાત્મ્ય કહ્યું હતું.

૧૦ જેટલા હરિભક્તોએ તેમાં સેવા કરી હતી. મહેમાનોનું અને યજમાન હરિભક્તોનું સ્વાગત પૂ. દેવ સ્વામીએ કર્યું હતું. પ્રમુખશ્રી નયનભાઈ પરીખે અને શ્રી નિલેષ પટેલે સત્સંગ વિશે સુંદર વાત કરી હતી. બહેનોની સેવા પ્રસંશનીય હતી. અત્રે મહાશિવરાત્રી ઉત્સવ પ્રસંગે સત્સંગનું સુંદર આયોજન કરેલ. કથાકાર શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટે પધારીને શિવરાત્રીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. શ્રી યોગેન્દ્રભાઈનું સ્વાગત શ્રી રમેશભાઈ (યજમાનશ્રી) પટેલે અને ઉપેન્દ્રભાઈ શાહે કર્યું હતું. ન્યુજર્સીના આપણા I.S.S.O. ના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી ભક્તિભાઈએ મહંત શ્રી દેવસ્વામીનું સ્વાગત કર્યું હતું. મહંત સ્વામીએ શિવરાત્રી પર્વનું આપણા સંપ્રદાયની પરંપરામાં શાસ્ત્રોક્ત માહાત્મ્ય સમજાવ્યું હતું. પ્રમુખશ્રી નયનભાઈ પરીખે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે અનેક રાજ્યોમાંથી પણ ભક્તો દર્શનાર્થે પધાર્યા હતા. શ્રી નિલેશ પટેલે આગામી કાર્યક્રમની જાહેરાત કરી હતી. બાળકોએ પણ સુંદર પ્રોગ્રામ રજુ કર્યા હતા.

સત્સંગ શિબિર : પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૧૭ ફેબ્રુઆરીના વહેલી સવારે ૮ વાગ્યા થી નાના બાળકોથી યુવાનો અને વડીલોની સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. જેમાં બોસ્ટનથી યુવક મંડળ સાથે પધારેલા શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અને મહંતશ્રી દેવસ્વામીએ સર્વોપરિ શ્રીહરિ અને તેમનું દિવ્ય કુળ ધર્મકુળનું મહિમા માહાત્મ્ય અને માનસી પૂજાનું મહત્વ સચોટ રીતે વર્ણવ્યું હતું. જેને ગુજરાતી-અંગ્રેજીમાં મોટા સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવ્યું હતું. શ્રી તેજેન્દ્રભાઈ રાવ અને ન્યુજર્સીથી પધારેલા પ.ભ. પ્રહલાદભાઈ પટેલ, શ્રી નિલેષભાઈ પટેલ આદિ સૌએ પણ શિબિરમાં મહત્વની અને જીવનમાં ઉતારવા જેવી વાત કરી હતી. શ્રી અંકિત ચંદ્રેશભાઈ પટેલે પણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વિશે સુંદર માહિતી આપી હતી.

આ પ્રસંગે સોનામાં સુગંધ ભળે તે પ્રમાણે પૂ. ચિ. શ્રી સૌમ્યકુમાર તથા પૂ. ચિ. શ્રી સુવ્રતકુમારનો જન્મ દિવસ નાના સત્સંગી બાળકો અને યુવાન ભાઈ-બહેનોએ દબદબા પૂર્વક ઉજવ્યો હતો. મંદિરના પ્રમુખશ્રી નયનભાઈ પરીખે આભાર વિધિ કરી હતી. શનિવાર હોવાથી દેવ સ્વામીએ શ્રી હનુમાનજીનું પૂજન આરતી કરી હતી. આ પ્રસંગનો લાભ મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃતિ સુંદર ચાલે છે. *(પ્રવિણભાઈ શાહ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હ્યુસ્ટન મંદિરનો ૬ઠ્ઠો પાટોત્સવ ૧૨ માર્ચના ધામધુમથી ઉજવાયો હતો.

આ પ્રસંગે શિકાગોના શા.ધર્મવલ્લભદાસજીએ શ્રીમદ્ સત્સંગિજીવનની ત્રિદિનાત્મક કથા કરીને સૌને મધુર-મીઠી વાણીનો લાભ આપ્યો હતો. પૂર્ણાહુતિના દિને ઉછવણીમાં પ્રતિષ્ઠા સમયથી સતત સેવા કરતા એવા પ.ભ. પ્રમુખશ્રી દેવેન્દ્રભાઈ અને શ્રી નટુભાઈ (લસુન્દ્રા)એ ધજા ચડાવવાનો લ્હાવો મેળવ્યો હતો. મહાપૂજા અને છપ્પન ભોગ અન્નકૂટ (હરિભક્ત બહેનોએ ઘરેથી બનાવેલ) ભગવાનને ધરાવવામાં આવેલ. આ દિવસે સેવા ભાવી ડૉક્ટરની ટીમે મેડીકલ હેલ્થકેર આયોજન કરી સેંકડો દર્દીનું ચકઅપ કરીને નિદાન કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સાંસ્કૃતિક કાર્યક્રમ કરીને સૌને આનંદિત કર્યા હતા. પૂ. જ્ઞાનસ્વામી અને મુનિસ્વામીએ ખૂબજ રસ લઈ પ્રસંગને શોભાવ્યો હતો. હરિભક્તો દર્શન કરી ખૂબજ ભાવ વિભોર થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી આવા ઉત્સવો ખૂબજ ધામધુમથી ઉજવાય છે. *(રમેશ ટી. પટેલ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (U.K.)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૬-૨-૦૬ના રવિવારના પ.ભ. મગનલાલ ચંદુભાઈ ચૌહાણ, અ.સૌ. મંજુલાબેન મગનલાલ ચૌહાણના યજમાન પદે મહાશિવરાત્રીના પૂજનનો લાભ મેળવ્યો હતો. પૂજારી શ્રી રસિકભાઈ જાની એ સંપ્રદાયની પરંપરા અને શિવ પૂજનના સમન્વય વિશે સમજ પુરી પાડી હતી. પ.પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સરસ ચાલે છે. *(હેમરાજભાઈ ચોટલીયા)*

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન ડી. સી. ચેપ્ટર)

૪ માર્ચના અત્રે સાંજના ૩ કલાક સભામાં ભજન-કીર્તન-કથા-વાર્તા નિત્ય નિયમ વગેરે સમૂહમાં કરવામાં આવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની કૃપાથી સભા નિયમિત થાય છે અને હરિભક્તો પણ સારો લાભ મેળવે છે.

કેનેડા (I.S.S.O. ચેપ્ટર)

અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી દર શનિવારે સત્સંગ સભા નિયમિત થાય છે. સાંજના ૪ થી ૬-૩૦ દરમ્યાન યોજાતી સભામાં વચનામૃત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી આદિ શાસ્ત્રોનું વાંચન-વિવેચન અને કીર્તન-ભક્તિ નિત્ય નિયમ અને ઠાકોરજીને થાળ વગેરે કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો - શ્રીહરિના અપર સ્વરૂપોના પ્રાગટય દિન વગેરે ધામધુમથી ઉજવાય છે.

છેલ્લે અત્રે ઈન્ડીયાથી આવેલા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રમુખશ્રી પ.ભ. ઉદયનભાઈ મહારાજાએ વચનામૃત ઉપર નિયમ, સ્વરૂપ નિષ્ઠા, નિશ્ચય અને પક્ષ વિશે ખૂબજ સુંદર રીતે સમજાવેલ.

પ.ભ. ભાઈલાલભાઈ કરશનદાસ પટેલ, પ.ભ. રસિકભાઈ કોઠાવાળા, પ.ભ. શશીકાન્તભાઈ શ્રી મહેશભાઈ ટાંક, શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી સંજીવભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી નટુભાઈ પટેલ આદિ ઘણા હરિભક્તો સત્સંગ સભામાં ખૂબજ ઉત્સાહથી લાભ લઈને સારું ઉદાહરણ પુરું પાડે છે. અહીં સૌ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શનની આતુરતાથી પ્રતિક્ષા કરી રહ્યાં છે. *(ભાઈલાલભાઈ કરશનદાસ)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી મંજુલાબેન શકરાભાઈ પટેલ ચિ. દીકરા અને દીકરીના શુભ લગ્ન પ્રસંગે	ખેરોલ
૫૦૧-૦૦	શ્રી માનસીબેન પ્રકાશભાઈના શુભ લગ્ન પ્રસંગે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૫૦૧-૦૦	શ્રી નરેન્દ્રભાઈ ઘનશ્યામભાઈના શુભ લગ્ન પ્રસંગે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૫૧-૦૦	શ્રી હિમંતનગર મંદિર બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ચરણ કમળ સમીપથી એક હરિભક્ત	
૩૦૧-૦૦	અ.નિ. શ્રી અમથીબેન કાનદાસ પટેલના સ્મરણાર્થે હા. આત્મારામભાઈ અને પ્રહલાદભાઈ	ડાંગરવા
૧૦૦-૦૦	રિયા અનીલભાઈ પારેખ ૨જી વર્ષ ગાંઠ નિમિત્તે	
૨૦૧-૦૦	શ્રી મીનાબેન તથા મહેન્દ્રભાઈ ૨૫ મી લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર મનસુખલાલ સોની ચિ. પૌત્ર કબીરના જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામ રતીલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	કલોલી
૧૦૧-૦૦	એકહરિભક્ત તરફથી શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	શ્રી ચિરાગ ગોવિંદભાઈ પટેલ અભ્યાસાર્થે એડીલેડ ગયા તે નિમિત્તે	લસુન્દ્રા
૧૦૧-૦૦	શ્રી વિશાલ જયંતીભાઈ અભ્યાસાર્થે ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	સોજા
૧૦૦-૦૦	શ્રી ગીતાબેન રોહિતકુમાર મોદી પી.પી.એફ.ની એજન્સી રિન્યુ થઈ તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ મનુભાઈ પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	વિહાર
૨૫૧-૦૦	શ્રી રાજન વસંતકુમાર ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૨૫૧-૦૦	શ્રી એમ્બર અમિત વસંતકુમાર ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૧૫૧-૦૦	શ્રી મુકેશભાઈ કાંતિલાલ પટેલ વસંત પંચમીના નવી વેગન આર ગાડી લીધી તે નિમિત્તે	ડાંગરવાવાળા
૧૧૧-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ ચિ. ભાણાના જન્મ અને શ્રી કેતનકુમાર અમેરિકા ગયા તે નિમિત્તે	સેટેલાઈટ
૧૦૧-૦૦	શ્રી આશિષ શરદચંદ્ર ભટ્ટ (એડવોકેટ) ને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	નરોડા
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ જયંતીલાલ પટેલ નવી રીક્ષા લીધી તે નિમિત્તે	ડાંગરવા
૨૫૦-૦૦	શ્રી વેલજીભાઈ જીવાભાઈ ગોહીલ વસંતકુમારના લગ્ન પ્રસંગે	રાજકોટ
૩૭૫-૦૦	શ્રી મનસુખભાઈ સવજીભાઈ ચૌહાણ ચિ. હંસાબેન તથા મહેશના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૨૫-૦૦	શ્રી ઓપિનભાઈ પ્રભુભાઈ ટાંક ચિ. વૈશાલીબેનના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૦૦-૦૦	શ્રી બળવંતકુમાર ગોવિંદભાઈ પટેલ ઈટરનો સ્કુટર લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી અમૃતલાલ હરિદાસ પટેલ ચિ. ભાવનાબેનના શુભલગ્ન પ્રસંગે	આણંદપુરા
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ
૧૦૦-૦૦	અ.નિ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલ પુણ્યતિથિ નિમિત્તે	હાંસોલ
૨૦૨-૦૦	શ્રી લાલભાઈ મરધાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૦૫-૦૦	શ્રી સત્યેનકુમાર જેઠાલાલ ચાવડા પ્રથમ પગાર નિમિત્તે	ધૂળકોટ
૧૦૦-૦૦	શ્રી નિરવ નરેન્દ્રભાઈ પટેલ ઓસ્ટ્રેલીયા પ્રવાસ નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૦-૦૦	શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી લતાબેન જીતેન્દ્રભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	અસલાલી
૧૦૧-૦૦	શ્રી સોમાભાઈ કરશનદાસ પટેલ ભજન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ જયંતીભાઈ મારૂ બેબીના જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી મહેશભાઈ જીવરાજભાઈ વેગડ શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી અંબાલાલ રેવીદાસ પટેલ ભાણાના જન્મ દિન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦	શ્રી ગોરધનભાઈ શંકરદાસ પટેલ શ્રી સ્વા. મંદિર રજત જયંતી અને શ્રી હનુમાનજીની પ્રતિષ્ઠા નિમિત્તે	સોજા
૧૦૧-૦૦	શ્રી નિતિનકુમાર શાંતિલાલ મનાણી નવું બાઈક લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી વિજયકુમાર હરિકૃષ્ણ કાછીયા પુત્ર જન્મ પ્રસંગે	રાબડીયા
૨૧૧-૦૦	શ્રી મફાજી સરદારજી ડાભી ચિ. ભાવસિંહ અને આશાબાના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૧૦૦-૦૦	શ્રી મોહનલાલ ઓચ્છવલાલ કા. ટેમ્પો લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર શાંતિલાલ કાછીયા ચિ. અભિષેકના જન્મદિન પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી ચંદ્રકાંતભાઈ ચતુરભાઈ બારેવડીયા ચિ. તેજલના લગ્ન પ્રસંગે	લીંબડી
૧૦૧-૦૦	શ્રી ગોકળદાસ નાથાલાલ મોદી શ્રી પરેશભાઈએ એસ.એન્ટ ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦	શ્રી શોભનાબેન પ્રવિણભાઈ પાટોત્સવ પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી હર્ષદભાઈ ઈશ્વરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોટા ઉભડા
૧૦૧-૦૦	શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	
૧૫૧-૦૦	શ્રી વિનુભાઈ કાશીરામ પટેલ નવી દુકાન કરી તે નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦	શ્રી દિવાળીબેન મોહનભાઈ પરમાર ચિ. હર્ષદના શુભ લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી મંજુબેન રમણીકભાઈ સાપરીયા ચિ. કમલેશના લગ્ન પ્રસંગે	સુરત
૨૦૨-૦૦	શ્રી રમાબેન દયાળજીભાઈ ટાંક ચિ. ચંદ્રિકાબેન તથા પ્રભાબેનના શુભ લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી હરિલાલ જાદવજીભાઈ કાચા નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ધૂળકોટ-સુરત
૧૫૧-૦૦	ડૉ. અરૂણભાઈ ડી. પટેલ ચિ. રાજેશભાઈના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૫૦૧-૦૦	શ્રી નટવરભાઈ પુરૂષોત્તમદાસ પટેલ ચિ. પરિક્ષિત તથા અ.સૌ. રીટાને ગ્રીનકાર્ડ મળવા નિમિત્તે	આણંદપુરા
૧૦૫-૦૦	શ્રી સતીષભાઈ દેસાઈ જન્મ દિવસ પ્રસંગે	જેતલપુર
૧૦૧-૦૦	શ્રી પાર્થ જિતેન્દ્રકુમાર બાબુલાલ ઓસ્ટ્રેલીયા યુનિ.માં પાસ થયા તે નિમિત્તે	વિહારવાળા
૧૦૦-૦૦	શ્રી ઘનશ્યામભાઈ મોતીલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી સાકરબેન નટવરભાઈ પટેલ ચિ. હેતલના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૧૧-૦૦	શ્રી નરેન્દ્રકુમાર ભીખુભાઈ રથવી અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીમાં ક્લાર્કની જોબ નિમિત્તે	લટુડા
૧૦૧-૦૦	શ્રી વિજયાબેન આર. પટેલ ગંગાપૂજન પ્રસંગે	ઈશનપુર
૧૦૧-૦૦	શ્રી મહેન્દ્રભાઈ ડી. પટેલ ચિ. કિંજલના લગ્ન પ્રસંગે	અમદાવાદ (યુ.એસ.એ.)
૧૫૦-૦૦	શ્રી જગદીશભાઈ બચુભાઈ પરમાર ચિ. ઘનશ્યામના જન્મદિન પ્રસંગે	ધૂળકોટ
૧૫૦-૦૦	શ્રી જગદીશભાઈ બચુભાઈ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ
૨૦૦-૦૦	શ્રી મહેશભાઈ બચુભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી અજયકુમાર હસમુખભાઈ ટાંક નવી ઓફિસ શરૂ કરી તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી ચુનીલાલ કેશવજી ચૌહાણ ચિ. ફાલ્ગુનીબેનના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી નિતિનકુમાર અશોકભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી દિનેશભાઈ કાંતિભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	બાયડ
૧૦૦-૦૦	શ્રી કરણ ધર્મેશભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	બોરીવલી
૧૦૦-૦૦	શ્રી પ્રિયા ધર્મેશભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	બોરીવલી
૧૦૦-૦૦	શ્રી હર્ષન મુકેશભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	બોરીવલી
૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી ગોવિંદભાઈ રણછોડદાસ પટેલ ચિ. સંજય અને ઉર્વસીના લગ્ન પ્રસંગે	ઈટાદરા
૧૫૧-૦૦	શ્રી મુકેશ ઠાકરસીભાઈ જાદવાણી શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી અલ્પાબેન જીતેન્દ્રકુમાર પટેલ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	રાયણીયા
૧૦૧-૦૦	શ્રી પલ્લવીબેન કલ્પીતકુમાર પટેલ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી સતીષભાઈ ત્રિભોવનદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	મારૂસણા મહિલા મંડળ શ્રી રેવતી બળદેવજી મહારાજને હાર પહેરાવ્યો તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી સેજલબેન અરવિંદભાઈ સોની લગ્ન પ્રસંગે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	શ્રી પટેલ મનકુમાર ભરતભાઈ મોરારભાઈના જન્મ પ્રસંગે	
૧૧૧-૦૦	શ્રી જયંતીભાઈ મણીભાઈ પટેલ ચિ. જલ્પાને કાયમી નોકરી મળી તે નિમિત્તે	ચલોડાવાળા
૧૦૧-૦૦	શ્રી રમેશ પી. ચૌહાણ અલ્પાબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	નવસારી
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ શંકરલાલ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી કાંતાબેન રામાભાઈ દલસુખદાસ પટેલ ચિ. કેતનના શુભ લગ્ન પ્રસંગે	મોખાસણ
૧૦૦-૦૦	શ્રી સોમાભાઈ નાથાભાઈ પટેલ પૌત્ર રાધેના જન્મ પ્રસંગે	કોઠંબા
૫૦૨-૦૦	ધ્રુવ બિપીનભાઈ કવિ શ્રીહરિ પ્રસન્નાર્થે	શિકાગો
૧૦૧-૦૦	શ્રી રમણીકભાઈ વાલજીભાઈ સાપરીયા ચિ. કમલેશના લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી શારદાબેન ભાઈલાલભાઈ પટેલ તા. ૪-૩-૦૬ના જન્મ દિન પ્રસંગે	ઝુંડાલવાળા

આપણા પ્રતોત્સવો (તા. ૧૫-૪-૨૦૦૬ થી તા. ૧૩-૫-૨૦૦૬)

ચૈત્ર વદ

૨	શનિ	૧૫	માંડવીમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પાટો. (સં.૨૦૫૬)
૩	રવિ	૧૬	**પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ (સં. ૨૦૦૦).**
૬	બુધ	૧૯	ભૂજ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ (સં. ૧૯૬૭)નો પાટોત્સવ.
૭.	ગુરુ	૨૦	વડતાલમાં શ્રી રણછોડરાયજીનો પાટોત્સવ (સં. ૧૮૮૬).
૯	શનિ	૨૨	પંચક પ્રારંભ ૨૪-૦૭.
૧૧	સોમ	૨૪	વરૂથિની એકાદશી ઉપવાસ, શ્રી વલ્લભાચાર્ય જયંતી, પંચક.
૧૩/૧૪	બુધ	૨૬	ચૌદશનો ક્ષય છે, પંચક ઉતરે સાંજે ૨૬-૫૯, શિવરાત્રી.
૩૦	ગુરુ	૨૭	દર્શ-૩૦ અમાવાસ્યા.

વૈશાખ સુદ

૩	રવિ	૩૦	અખાત્રીજ, પરશુરામ જયંતી, શ્રીહરિ-ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવવા, ચંદન યાત્રોત્સવ, ઉનાવા મંદિરનો પાટો. માંગરોળ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, પાંડે શ્રી ઈચ્છારામજી મહારાજનો જન્મ (સં. ૧૮૪૨ અયોધ્યા).
૫	મંગળ	૨	મે માસ શરૂ, ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવ (સં. ૧૮૭૯) અને શ્રી ઘનશ્યામ મહારાજનો પાટો. (સ. ૧૯૯૮) અને છપૈયા શ્રી ઘનશ્યામ મહારાજનો પુનઃ પાટો. (સં. ૨૦૩૩), સુરત, કાશીના દેવોનો પાટોત્સવ, આદ્યશંકરાચાર્ય જયંતી.
૬	બુધ	૩	માણસા અને ધોરાજી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.
૯	શનિ	૬	શ્રી સ્વામિનારાયણ જયંતી.
૧૦	રવિ	૭	મથુરા (યુ.પી.) (સં. ૨૦૪૫), ભરૂચ અને વિરસદ સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.
૧૧	મંગળ	૯	મોહિની એકાદશી ઉપવાસ, મુંબઈ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.
૧૨	બુધ	૧૦	રૂક્ષ્મણી બારસ, ડભાણ, મહુવા, શ્રીજીનગર (સુરત) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.
૧૩	ગુરુ	૧૧	શ્રીનૃસિંહ જયંતી.
૧૪	શુક્ર	૧૨	ધોલેરા શ્રી મદનમોહનજી મહારાજ (૧૮૮૨) અને વડોદરાના દેવોનો પાટો.
૧૫	શનિ	૧૩	મુકુટોત્સવ પૂનમ, વૈશાખ સ્નાન સમાપ્ત, હરિદ્વાર મંદિરનો પાટો., વિછુંડો પ્રારંભ.

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

મહા સુદી-૫ પ.ભ. અ.નિ. સાં.યો. કાશીબા. **મહા સુદી-૭** પ.ભ.અ.નિ. મણીભાઇ મગનદાસ પટેલ (પ્રાંતિયા). **મહા સુદી-૮** પ.ભ.અ.નિ. શારદાબેન નટવરલાલ. **મહા સુદી-૯** પ.ભ. કનૈયાલાલ કેશવલાલ સોની (અમદાવાદ). **મહા સુદી-૧૨** પ.ભ.અ.નિ. મુળચંદભાઈ કેશવલાલ. પ.ભ. અ.નિ. માણેકલાલ કેશવલાલ. **મહા સુદી-૧૪** પ.ભ. નારાયણભાઈ લક્ષ્મીપ્રસાદ જોષી. પ.ભ. ધર્મેન્દ્રભાઈ રામભાઈ પટેલ. પ.ભ. મનીષભાઈ રમેશભાઈ પટેલ. **મહા સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજ્જર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર (અમદાવાદ).

મહા વદી-૧ પ.ભ. પરસોત્તમભાઈ નારાણભાઈ (નારાયણનગર). **મહા વદી-૨** પ.ભ. કરશનભાઈ ઝીણાભાઈ રત્ના જેસાણી (બળદીયા-કચ્છ). **મહા વદી-૬** પ.ભ. હરિશકુમાર અંબાલાલ શેઠ (અમદાવાદ). **મહા વદી-૭** પ.ભ. પુરીબેન વિઠ્ઠલદાસ પટેલ (ડાંગરવા). **મહા વદી-૮** અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણદાસજી (અમદાવાદ સ્વા. મંદિર). **મહા વદી-૯** પ.ભ. અ.નિ. વાઘજીભાઈ માધવદાસ (વડદલા). **મહા વદી-૧૦** અ.નિ. દોશી ભાઈલાલભાઈ માધવજીભાઈ. **મહા વદી-૧૨** પ.ભ. રમણભાઈ શંકરભાઈ પટેલ (નરોડા). પ.ભ. વિરેનભાઈ જેઠાલાલ (ડાંગરવા) **મહા વદી-૧૪** પ.ભ.અ.નિ. માણેકબેન નારાયણદાસ પટેલ. પ.ભ. શોરીનબેન જયંતીલાલ સુરેલીયા. **મહા વદી-૩૦** શ્રી ઘનશ્યામ મહિલા મંડળ (મુંબઈ-મલાડ) પ.ભ. ડાહીબેન પ્રભુદાસ પટેલ (સલાલ).

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

બાવળા : પ.ભ. સોની પુષ્પાબેન જયંતીલાલ ભાલાણી તા. ૨-૩-૨૦૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અસારવા-અમદાવાદ : યુવા પ્રતિભાશાળી પ.ભ. નિરવકુમાર અતુલભાઈ પટેલ મેંગ્લોર ખાતે ચાલુ અભ્યાસે તા. ૧૮-૨-૨૦૦૬ના રોજ અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ નિજ આત્માને શાંતિ આપે.

ચલોડા (જુતબાના) : અત્રે મંદિરના કોઠારી પ.ભ. રમેશભાઈના માતુશ્રી ચંપાબા (૮૦ વર્ષ) તા. ૨૦-૨-૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મેઘાણીનગર : પ.ભ. ભીખુભાઈ જાદવભાઈ બાબરીયાના માતુશ્રી ધોળીબેન જાદવભાઈ તા. ૧૮-૩-૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વડુ : શ્રી સ્વામિનારાયણ મંદિરના માજી ટ્રસ્ટી અને શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. ડાહ્યાભાઈ અંબાલાલ પટેલ તા. ૨૮-૩-૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વાલી (રાજસ્થાન) : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીશ્રી નિર્મળદાસજી ૭૨ વર્ષની ઉંમરે તા. ૧૮-૩-૨૦૦૬ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્મરણ કરતા-કરતા અક્ષરનિવાસી થયા છે. મારવાડ સત્સંગ સમાજને બહુ મોટી ખોટ પડી છે.



બાપુપુરા (માણસા) મંદિરમાં રજત જયંતી પ્રસંગે
અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કલોલી (જેતલપુર દેશ)માં સભામાં પ.પૂ. મહારાજશ્રીનું
પૂજન કરતા શ્રી નરેન્દ્રભાઈ



સિધ્ધપુર નવ નિર્મિત મંદિરમાં સંત નિવાસ તથા યાત્રિક
ભૂવનની ખાત વિધિ કરતા પ.પૂ.મહારાજશ્રી



થુરાવાસ (ઈડરદેશ)માં મુમુક્ષુના ઘરને
પાવન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ઉવારસદમાં પ્રસાદીના સ્થળે છત્રી
અને ચરણાર્વિંદ પૂ. મહારાજશ્રીના
વરદ્ હસ્તે ખુલ્લી મૂકવામાં આવી



ઉવારસદમાં યજમાન પ.ભ. કનુભાઈ પટેલ અને પરિવાર
પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા.




થુરાવાસ (ઈડરદેશ) મંદિરમાં યજ્ઞ વિધિમાં
પ.પૂ.મહારાજશ્રી




થુરાવાસ ગામે યજમાન પરિવારો
પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા

REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006
Permitted to Post AHME. P.S.O. On 11th of Every Month



કાંકરિયા મંદિરમાં બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવ નો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં પ્રાસંગિક સભા માં આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં શહેર ચોર્યાસી પ્રસંગે સંતો-વિપ્રોને શ્રી હરિની જેમજ સ્વયં પીરસીને અલૌકિક લાભ આપતા પ.પૂ. મહારાજશ્રી
તથા પ્રસાદ ગ્રહણ કરતાં વિશાળ જન સમુદાય

Praful Kharsani